સુવિચાર
પરસ્પરનો સહયોગ અને શાંતિથી જ સમાજનું નિર્માણ થઇ શકે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ભચાઉ પાસે હોટલના પાર્કિંગમાં રૂ.૧.૮૫ કરોડનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો P-4

Year-16, Issue-172 ■ DATE : 04-11-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાત સહિત દેશના ૧૨ રાજયોમાં આજથી SIRનો પ્રારંભ

**૫૧ કરોડ મતદારોનો સમાવેશ કરાશેઃ ૭ ફેબ્રુઆરીએ ફાઈનલ લિસ્ટ તૈયાર થશેઃ આ અભિયાનનો મુખ્ય ઉદેશ મતદારયાદીને સુવ્યવસ્થિત કરવાનો છેઃ સતત એક મહિના સુધી આ પ્રક્રિયા ચાલશે**




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરના ૧૨ રાજ્યોમાં આજથી એક ખાસ સઘન સુધારણા SIR શરૂ થવા જઈ રહી છે, જેમાં આશરે ૫૧ કરોડ મતદારો ભાગ લેશે. SIR હાથ ધરવા પાછળ ચૂંટણી પંચનો ઉદ્દેશ્ય મતદાર યાદીને અપડેટ કરવાનો અને પાત્ર મતદારોના નામોનો સમાવેશ કરવાનો છે. SIR ખાતરી કરશે કે કોઈ નામ અવગણવામાં ન આવે કે પુનરાવર્તિત ન થાય. છેલ્લી મતદાર યાદી અપડેટ ૨૦૦૨ અને ૨૦૨૪ ની વચ્ચે થઈ હતી, પરંતુ હવે SIR ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખશે અને તેમને મતદાર યાદીમાંથી દૂર કરશે, તેમના સ્થાને પાત્ર મતદારો મૂકશે.

નોંધનીય છે કે ભારતના ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રવ્યાપી SIRની જાહેરાત કરી હતી. આ પ્રક્રિયા ૪ નવેમ્બરથી ૪ ડિસેમ્બર સુધી ચાલશે. ડ્રાફ્ટ મતદાર યાદી ૯ ડિસેમ્બરે બહાર પાડવામાં આવશે અને અંતિમ મતદાર યાદી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. હ્લ્ન નવ રાજ્યોમાં હાથ ધરવામાં આવશે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, ગોવા, ગુજરાત, કેરળ, તમિલનાડુ અને બંગાળ, અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશો આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ અને પુડુચેરી. ૨૦૨૬ માં તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પમિ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જ્યારે આસામમાં પાછળથી યોજાશે.

SIR પ્રક્રિયા ૪ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ થશે અને ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. પ્રથમ તબક્કામાં, ૨૮ ઓક્ટોબરથી ૩ નવેમ્બર સુધી, તમામ ૧૨ રાજ્યોના બૂથ લેવલ ઓફિસર્સ અને રિર્ટનિંગ ઓફિસર્સને તાલીમ આપવામાં આવી હતી અને SIR કરવા માટે જરૂરી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૪ નવેમ્બરથી ૪ ડિસેમ્બર સુધી, BLOs ઘરે ઘરે જઈને હાલની મતદાર યાદીની ચકાસણી કરશે. નવા મતદારો ઉમેરવામાં આવશે અને નકલી મતદારોને દૂર કરવામાં આવશે. ૯ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવશે, જેનાથી લોકો તેમના વાંધા અને દાવાઓ રજૂ કરી શકશે. તમે નામ ઉમેરવા અથવા દૂર કરવા માટે અરજી કરી શકો છો. બધી પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા પછી, ૭ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદી બહાર પાડવામાં આવશે.

જ્યારે BLO તમારા ઘરે SIR કરાવવા માટે આવે છે, ત્યારે તમે તેમને ચકાસણી માટે આ ૧૩ દસ્તાવેજો બતાવી શકો છો જન્મ પ્રમાણપત્ર, ૧૦મા ધોરણની પરીક્ષાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ, સરકારી જમીન/ઘરના દસ્તાવેજો, જાતિ પ્રમાણપત્ર, નિવાસ પ્રમાણપત્ર, સરકારી નોકરીનું ID અથવા પેન્શન ઓર્ડર, કુટુંબ રજિસ્ટર, પાસપોર્ટ-કદનો ફોટો, બેંક પાસબુક, રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, મનરેગા જોબ કાર્ડ.

ચૂંટણી પંચ માને છે કે SIR એ સુનિતિ કરશે કે કોઈ પણ લાયક મતદાર બાકાત ન રહે અને કોઈ પણ અયોગ્ય મતદાર યાદીમાં શામેલ ન થાય. મોટાભાગના રાજ્યોમાં છેલ્લો SIR ૨૦૦૨ અને ૨૦૦૪ ની વચ્ચે હાથ ધરવામાં આવ્યો હતો.

SIR નો મુખ્ય ઉદ્દેશ્ય ગેરકાયદેસર વિદેશી ઈમિગ્રન્ટ્સને તેમના જન્મસ્થળની ચકાસણી કરીને બહાર કાઢવાનો છે. વિવિધ રાજ્યોમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ, ખાસ કરીને બાંગ્લાદેશ અને મ્યાનમારના ઈમિગ્રન્ટ્સ સામે કાર્યવાહીને ધ્યાનમાં રાખીને આ પગલું મહત્વપૂર્ણ છે.

પમિ બંગાળના મુખ્યમંત્રી અને તળણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જી મંગળવારે સામે કોલકાતામાં વિરોધ કૂચ કરશે. દરમિયાન, ભાજપના ધારાસભ્ય અને વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી પણ દ્વારા ઘૂસણખોરોને હાંકી કાઢવાની માંગણી સાથે ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં એક કૂચનું નેતૃત્વ કરશે.

## બિહારમાં પ્રથમ તબક્કા માટે પ્રચાર પડઘમ આજે શાંત થશે

**મુખ્ય સમાચાર, પટણા**

આ વર્ષની અંતિમ તથા આગામી વર્ષમાં યોજાનારી મહત્વના વિપક્ષ શાસનના રાજયોની ધારાસભા ચૂંટણીઓ માટે નિર્ણાયક બિહાર વિધાનસભા ચૂંટણીઓમાં પ્રથમ તબકકાના તા.૬ ગુરુવારે યોજાનારા મતદાન માટે આજે પ્રચારના પડઘા શાંત થઈ ગયા છે.

રાજયમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકમાં આજે પ્રથમ તબકકામાં ૧૮ જીલ્લાની ૧૨૧ બેઠકો માટે મતદાન યોજાશે. જયારે બીજા તબકકા માટે ૧૧ નવે.ના મતદાન થશે. રાજયમાં અત્યંત તિવ્ર અને આક્ષેપભર્યા ચૂંટણી પ્રચારના અંતે ગુરુવારે ૧૨૧ બેઠકો પર એનડીએ મહાગઠબંધન અને જનસુરાજ પાર્ટી સહિતના છે. ૧૩૧૧ ઉમેદવારોના ભાવી સીલ થશે. બન્ને તબકકાના મતદાન બાદ તા.૧૪ નવેમ્બરે મતગણતરી યોજાશે.



રાજયમાં પ્રથમ તબકકાની ૧૦૨ સભાની ૧૯ અનુસૂચીત જાતી માટે અનામત બેઠકો માટે મતદાન થનાર છે અને ૩.૭૫ કરોડ મતદારો તેમાં ભાગ લેશે. કુલ ૪૫૩૪૧ મતદાન કેન્દ્ર પર મતદાન થશે.

રાજયમાં જાતિગણના અને મતદાર યાદી પુનઃ સમીક્ષા બાદ આ પ્રથમ વખત યોજાઈ રહેલી ધારાસભા ચૂંટણીમાં બન્ને વિવાદી બનેલા મુદાની કસોટી થશે તો ૨૦ વર્ષથી રાજયમાં એક યા બીજા ગઠબંધન સાથે રહીને ખુદનું મુખ્યમંત્રી પદ બચાવવામાં સફળ રહેલા નીતીશકુમાર માટે હવે આ આખરી ચુંટણી હશે. જો કે તેઓ ખુદ ચુંટણી લડતા નથી.

પરંતુ પરિણામ બાદ જો એનડીએ જીતે તો રાજયના મુખ્યમંત્રી તરીકે ફરી એક વખત શપથ લેશે કે કેમ તેના પર વિપક્ષ પ્રશ્ન ઉઠાવીને જનતાદળ (યુ)માં દ્વીધા સર્જવામાં સફળ રહ્યા છે તો બીજી તરફ મહાગઠબંધનમાં રાજદ વડા તેજસ્વી યાદવે ખુદને મુખ્યમંત્રી પદના દાવેદાર જાહેર કર્યા છે તે મુદે કોંગ્રેસનું હજુ ખુલ્લુ સમર્થન મળ્યું નથી.

આ મોરચામાં પણ મતભેદ છે તો વીઆઈપી પાર્ટીના વડા મુકેશ સાહનીએ ખુદને નાયબ મુખ્યમંત્રી જાહેર કરવા તેજસ્વી યાદવને ફરજ પાડી છે. તેજસ્વીએ પણ બેલેન્સ કરવા એક નહી ત્રણ નાયબ મુખ્યમંત્રી હશે તેમ કહીને મુસ્લીમ તથા અનુસૂચીત જાતિને પણ પ્રતિનિધિત્વ મળશે તે નિશ્ચિત કરવા પ્રયત્ન કર્યા છે જે સામે એનડીએમાં હાલના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સહિતના ભાવી મુદે પણ પ્રશ્ન છે.

## કમોસમી વરસાદથી રાજયમાં પાકને ભારે નુકસાન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ખેડૂતોએ હોંશે હોંશે ચોમાસુ પાકનું વાવેતર કર્યું... કપાસ, મળગફળી સહિતના પાક તૈયાર થઈને ખેતરોમાં પડ્યાં હતા. પરંતુ કુદરતને કંઈક અલગ મંજૂર હતુ. અને શિયાળાની શરૂઆતે ધોધમાર વરસાદ થતાં ખેડૂતોના મોં સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ત્યારે હવે કેમ ખેડૂત સરકાર સામે માત્ર હાથ ફેલાવવા મજબૂર થયો છે.

ચોમાસુ પૂરું થયું અને શિયાળાની શરૂઆત થઈ... ચોમાસું પાક લણવાની અને શિયા-ળું પાકની વાવેતરની તૈયારી જગતનો તાત કરી રહ્યો હતો, પરંતુ જે રીતે ખેડૂતના માથે અણધારી વરસાદ આફત આવી તેનાં કારણે આખાય ગુજરાતના ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે.

રાજ્યભરમાં પડેલા કમોસમી વરસાદે ખેડૂતોના હાલ બેહાલ કર્યા છે. ત્યારે બોટાદમાં થયેલા વરસાદથી મગફળી, કપાસ,તેલીબિયાં અને જુવાર સહિતના પાકનો કચ્ચરઘાણ નીકળી ગયો છે.

બોટાદ જિલ્લામાં કપાસ, મગફળી અને અન્ય પાક મળીને કુલ ૧ લાખ ૮૭ હજાર હેક્ટરમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. પરંતુ કમોસમી વરસાદે આ બધા પાકનો સોથ વાળી દીધો છે. ત્યારે સરકારના આદેશથી સર્વે થયો છે અને યોગ્ય વળતરની આશા ખેડૂતો રાખી રહ્યા છે.

બોટાદના ખેડૂતોની હાલત છે, એવી જ હાલત રાજકોટના જેતપુર પંથકના લોકોની પણ છે. ખેડૂતોએ મગફળી તૈયાર થઈ જતાં પાથરા ખેતરમાં નાંખીને રાખ્યા, પરંતુ જે રીતે કમોસમી વરસાદ વરસ્યો તેમાં તમામ પાક પલળી ગયો.

## મણિપુરમાં ઉગ્રવાદીઓએ આર્મી જવાનોને બનાવ્યા નિશાનઃ જવાબી કાર્યવાહીમાં ૪ ઠાર

**મુખ્ય સમાચાર, મણીપુર**

મણિપુરના ચુરાચાંદપુર જિલ્લાથી લગભગ ૮૦ કિલોમીટર પશ્ચિમમાં આવેલા ખનપી ગામમાં સોમવારે વહેલી સવારે સેના અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં યુનાઈટેડ કૂકી નેશનલ આર્મી (UKNA) સંગઠનના ચાર ઉગ્રવાદીઓ માર્યા ગયા છે.

સંરક્ષણ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ કાર્યવાહી ખુફિયા માહિતીના આધારે કરવામાં આવી હતી. આ ઓપરેશન દરમિયાન, આતંકવાદીઓએ સેનાના જવાનો પર કોઈપણ ઉશ્કેરણી વગર ગોળીબાર કર્યો હતો, જેના જવાબમાં સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી.

UKNA એક બિન-એસઓઓ (Suspension of Operation) ઉગ્રવાદી સંગઠન છે. તાજેતરના દિવસોમાં, આ સંગઠન દ્વારા ઘણી



હિંસક ઘટનાઓને અંજામ આપવામાં આવ્યો હતો, જેમાં એક ગામના મુખીની હત્યા, સ્થાનિક લોકોને ધમકાવવા અને વિસ્તારમાં શાંતિ ભંગ કરવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. આ પછી જ સેના દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસોના ભાગરૂપે, ઘણા કૂકી અને ઝોમી ઉગ્રવાદી જૂથોએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ આ યાદીમાં UKNAનું નામ સામેલ નહોતું.

સેના અને આસામ રાઈફલ્સે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ ઓપરેશન વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા તેમજ નાગરિકોની સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આસપાસના વિસ્તારોમાં હાલમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.

## હવાઈ યાત્રા કરનાર મુસાફરો માટે મહત્વના સમાચારઃ ૨૧ દિવસમાં ફૂલ રિફંડ મળશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જો તમે હવાઈ મુસાફરી કરો છો, તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે (DGCA) હવાઈ મુસાફરીમાં કેટલાક નિયમોમાં સુધારો કરવાની તૈયારી કરતાં પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ મહત્વપૂર્ણ ફેરફારો હેઠળ, હવાઈ મુસાફરો ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર તેમની ટિકિટ રદ કરી શકશે અથવા ફેરફાર કરી શકશે, અને તે પણ કોઈપણ વધારાના શુલ્ક વિના. આ પ્રસ્તાવમાં રિફંડ સંબંધિત મહત્વપૂર્ણ વિગતો પણ સામેલ છે.

એવિએશન રેગ્યુલેટર DGCAએ એક પ્રસ્તાવ રજૂ કર્યો છે જેમાં ફ્લાઈટ ટિકિટ કેન્સલેશન અને રિફંડ સંબંધિત નિયમોમાં ફેરફારનો સમાવેશ થાય છે. DGCAના પ્રસ્તાવ હેઠળ, હવાઈ મુસાફરોને ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર કોઈપણ વધારાના શુલ્ક વિના તેમની ટિકિટ કેન્સલ કરવાની અથવા મુસ-ફરીની તારીખ બદલવાની મંજૂરી આપવામાં આવી શકે છે. પ્રસ્તાવ મુજબ, ટિકિટ કેન્સલ થયા પછી રિફંડની રકમ એરલાઇનના ક્રેડિટ શેલ/વોલેટમાં જમા કરવાની પસંદગી મુસાફરની રહેશે, ડિફોલ્ટ પ્રથા અનુસરવામાં આવશે નહીં.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ રિફંડ અને કેન્સલેશન અંગે હવાઈ મુસાફરોને લાંબા સમયથી નડતી મુશ્કેલીઓને સરળ બનાવવા માટે આ ડ્રાફ્ટ નિયમો જારી કર્યા છે. નવા પ્રસ્તાવમાં મુસાફરોને બુકિંગ બાદ ૪૮ કલાકનો 'લુક-ઇન' સમયગાળો મળશે, જે દરમિયાન તેઓ કોઈપણ નોંધપાત્ર ફી લીધા વિના તેમની ટિકિટ કેન્સલ કરી શકે છે અથવા તેમાં ફેરફાર કરી શકે છે. હાલમાં, વિવિધ એરલાઇન્સ ટિકિટ કેન્સલ કરવા માટે પોતાની નિર્ધારિત ફી વસૂલે છે.

DGCA એ ટિકિટ રદ કરવા અને રિફંડના નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો છે. જો ટિકિટ ટ્રાવેલ એજન્ટ/પોર્ટલ દ્વારા ખરીદવામાં આવી હોય, તો પણ એરલાઇન્સ રિફંડ માટે જવાબદાર રહેશે. આવા એજન્ટો એરલાઇન્સના નિયુક્ત પ્રતિનિધિઓ છે. એરલાઇન્સ ખાતરી કરશે કે રિફંડ પ્રક્રિયા ૨૧ કાર્યકારી દિવસોમાં પૂર્ણ થાય.

ફ્લાઈટ ટિકિટ રિફંડ સંબંધિત નાગરિક ઉડ્ડયન આવશ્યકતાઓ (CAR) માં આ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. ૩૦ નવેમ્બર સુધી તેના માટે ભલામણો માંગવામાં આવી છે. હવાઈ મુસાફરો અને ગ્રાહક અધિકાર જૂથો લાંબા સમયથી છેલ્લી ઘડીના ફેરફારો માટે વસૂલવામાં આવતાં ઊંચા ચાર્જની ટીકા કરી રહ્યા છે. તેને તેઓ હિડન પેનલ્ટી તરીકે ઓળખાવી રહ્યા છે. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને DGCAનું આ પગલું અર્થપૂર્ણ ઉકેલ લાવી શકે છે. જોકે આ સુધારો હજુ ડ્રાફ્ટ તબક્કામાં છે, તેના અમલીકરણથી ભારતીય પ્રવાસીઓ એરલાઇન ટિકિટિંગ સિસ્ટમમાં કેવા ફેરફારો આવશે તે જોવાનું રહેશે.

## આજે પણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવના

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આજે પણ કમોસમી વરસાદ પડવાની સંભાવના છે. આજે રાજ્યનાં છૂટાછવાયાં સ્થળોએ ભારે પવન સાથે સામાન્ય વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, અત્યારે અપર એર સાઇક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય હોવાથી આજે બપોર બાદ દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. આગામી ૨૪ કલાક બાદ વરસાદી માહોલમાંથી સંપૂર્ણ રાહત મળવાની શક્યતા છે.

માછીમારો માટે આગામી પાંચ દિવસ સુધી દરિયામાં કોઈ ચેતવણી



આપવામાં આવી નથી અને દરિયાકિનારે લગાવાયેલું ૩ સિગ્નલ પણ હટાવી લેવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં પણ આજે વહેલી સવારે અને સાંજે વાદળછાયું વાતાવરણ સાથે હળવો વરસાદ પડી શકે છે. બપોરે તાપમાન ઊંચું રહેશે.

અરબ સાગરમાં સર્જાયેલી ડિપ્રેશનની સિસ્ટમ નબળી પડી ગઈ છે, પરંતુ એની અસર હજુ રાજ્યના વાતાવરણમાં જોવા મળી રહી છે. હવામાન વિભાગની બે દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે અમદાવાદ, ગાંધીનગર, પાટણ, ખેડા અને કચ્છમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. ૩ નવેમ્બરને સોમવારે સવારના ૬ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધીમાં ગુજરાતના કુલ ૫૬ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ કચ્છના અંજારમાં ૩.૧૯ ઈંચ, ત્યાર બાદ ભાવનગરના ઘોઘામાં ૧.૩ ઈંચ અને મહેસાણા-વડોદરામાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સૌથી ઓછો હિંમતનગરમાં ૧ મિમી જેટલો વરસાદ નોંધાયો હતો.

## બિકાનેર પહોંચેલી સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ગુજરાતના સૈન્ય જવાનની હત્યા

**મુખ્ય સમાચાર, બિકાનેર**

રાજસ્થાનના બિકાનેર પહોંચેલી જમ્મુ તાવી એક્સપ્રેસ (સાબરમતી એક્સપ્રેસ)ના સ્લીપર કોચમાં સેનાના જવાનની હત્યા કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, જવાનનો કોચ એટેન્ડન્ટ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ એક કોચ એટેન્ડન્ટે તેના પર છરી વડે હુમલો કર્યો હતો. જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેનું મૃત્યુ થયું હતું.

ગુજરાતના રહેવાસી જવાન જીગર કુમાર જમ્મુ તાવી ટ્રેનમાં ફિરોઝાબાદથી બિકાનેર જઈ રહ્યા હતા. કોચમાં વિવાદ દરમિયાન કોચ એટેન્ડન્ટે જવાન પર છરી વડે હુમલો કર્યો. લુંકરનસર અને બિકાનેર વચ્ચે ચાલતી ટ્રેનમાં બનેલી આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા સૈનિકને



તાત્કાલિક પીબીએમ ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવ્યો, જ્યાં પહોંચતા પહેલા જ તેનું મોત નિપજ્યું હતું.

જીઆરપી સીઆઈ આનંદ ગિલાએ જણાવ્યું હતું કે 'આ ઘટના બીજી નવેમ્બરે બની હતી. આ ઘટના રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ ગુજરાતથી ફિરોઝપુર-સાબરમતી ટ્રેનમાં બની હતી, જે લોંકણ રેલવે સ્ટેશનથી રવાના થઈ હતી.

ગુજરાતના રહેવાસી સૈનિક જીગર કુમાર અને કોચ એટેન્ડન્ટ વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ, એટેન્ડન્ટે જવાન પર છરી વડે હુમલો કર્યો, જેના પરિણામે તેનું મોત નિપજ્યું. આ મામલે એટેન્ડન્ટની અટકાયત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ૨૭ વર્ષીય જીગર કુમાર ભારતીય સેનામાં તહેનાત હતો અને રજા પર ઘરે પરત ફરી રહ્યો હતો. પરિવારે જણાવ્યું હતું કે જીગર એક જવાબદાર સૈનિક હતો જેના લગ્નને ફક્ત બે વર્ષ થયા હતા. તેનો પરિવાર ગુજરાત છોડીને બિકાનેર ગયો છે. ઘટનાની માહિતી મળતાં જ સેનાના અધિકારીઓએ તપાસ ટીમ પણ મોકલી હતી. સૈનિકના મૃત્યુથી સેનામાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

## ડોનાલ્ડ ટ્રમ્પના શાસનમાં હથેળીમાં બતાવાયેલા વચનો ચાંદ પૂરવાર થયા



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ડોનાલ્ડ ટ્રમ્પ મોટા-મોટા વાયદા આપીને બીજીવાર પ્રેસિડેન્ટ બન્યા હતા પરંતુ તેમના અત્યારસુધીના કાર્યકાળમાં તેમણે આપેલા વચનો હથેળીમાં બતાવાયેલા ચાંદ જેવા પૂરવાર થયા હોય તેવું અમેરિકન્સને લાગી રહ્યું છે. દ્વારા અમેરિકન્સનો મૂડ જાણવા માટે કરવામાં આવેલા એક પોલમાં એવું જાણવા મળ્યું છે કે, ૬૬ ટકા અમેરિકન્સને એવું લાગે છે કે દેશ ખોટી દિશામાં આગળ વધી રહ્યો છે અને વધી રહેલી મોંઘવારી માટે ૫૯ ટકા અમેરિકન્સે ટ્રમ્પ અને તેમની નીતિઓને જવાબદાર ઠેરવ્યા છે.

આ ઉપરાંત અડધાથી વધુ અમેરિકન્સનું એવું માનવું છે કે, ટ્રમ્પના પ્રેસિડેન્ટ બન્યા બાદ ઈકોનોમીની હાલત બદતર થઈ ગઈ છે, એટલું જ નહીં બહુમતી અમેરિકન્સ એવું પણ માની રહ્યા છે કે પ્રેસિડેન્ટ ટ્રમ્પની સાથે-સાથે ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન્સને હાલ દેશ કઈ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તેની કશીય સમજ નથી. આર્થિક સ્થિતિ ઉપરાંત સતત લાંબા ખેંચાઈ રહેલા શટડાઉનને કારણે પણ અમેરિકન્સ ચિંતિત છે.

આ સર્વેમાં ડેમોક્રેટિક પાર્ટી ઉપરાંત રિપબ્લિકન પાર્ટીના સપોર્ટર હોય તેવા લોકો તેમજ ઈન્ડિપેન્ડન્ટ્સને પણ આવરી લેવામાં આવ્યા હતા, તેમાં ભાગ લેનારા ૯૫ ટકા ડેમોક્રેટિક પાર્ટીના સપોર્ટર્સે દેશ ખોટી દિશામાં આગળ વધી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

જ્યારે આમ માનનારા ઈન્ડિપેન્ડન્ટ્સની સંખ્યા ૭૭ ટકા હતી અને ૨૯ ટકા રિપબ્લિકન્સનું પણ કંઈક આવું જ માનવું હતું. નવાઈની વાત એ છે કે વ્હાઈટ અમેરિકન્સ કરતાં હિસ્પેનિક, બ્લેક અને એશિયન્સમાં ટ્રમ્પ સામે વધારે નારાજગી જોવા મળી હતી.

મતલબ કે ટ્રમ્પની પોલિસી સાથે સહમત ના હોય તેવા એશિયન્સ અને હિસ્પેનિક્સનું પ્રમાણ ૭૧ ટકા જેટલું થાય છે. જોકે, મહત્વની વાત એ પણ છે કે હાલ ભલે ૬૬ ટકા જેટલા લોકો આમ માનતા હોય પરંતુ નવેમ્બર ૨૦૨૪માં જ્યારે અમેરિકામાં પ્રેસિડેન્શિયલ ઈલેક્શનની તૈયારી હતી.

ત્યારે આમ માનનારા લોકોનું પ્રમાણ ૭૫ ટકા પર હતું અને સરકાર બદલાયા બાદ પણ તેમાં કોઈ ખાસ ઘટાડો નથી થયો, મતલબ કે ટ્રમ્પ પ્રત્યે લોકોને જે આશા હતી તે કદાચ ઠગારી નિવડી છે.

મોંઘવારી માટે ટ્રમ્પને જવાબદાર માનતા હોય તેવા લોકોનું પ્રમાણ ૬૦ ટકા જેટલું થાય છે જ્યારે એટલા જ લોકો ટ્રમ્પ ટેરિફ, ઈકોનોમી અને ફેડરલ ગવર્મેન્ટ સહિતના જે ઈશ્યૂને જે રીતે હેન્ડલ કરી રહ્યા છે તેનાથી નારાજ છે.

# અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫

# ૧૩ નવેમ્બરથી સાબરમતી રિવરફ્રન્ટ બનશે વિશ્વ સાહિત્યનું સરનામું

## ૨૩મી ડિસેમ્બર સુધી અમદાવાદના આંગણે યોજાશે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલઃ પુસ્તક રસિકો અને સાહિત્યપ્રેમીઓ માટે બુક ફેસ્ટિવલની સાથે લેખક મંચ, પ્રજ્ઞાશિબિર, જ્ઞાનગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતનાં વિવિધ આકર્ષણોઃ દેશ-વિદેશના નામી લેખકો-સાહિત્યકારો વાચકો સાથે કરશે સીધો સંવાદ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં વાંચન અને સાહિત્યના સુયોગ્ય પ્રસાર થકી આવનારી પેઢી બૌદ્ધિક રીતે સક્ષમ બને અને સશક્ત સમાજનું નિર્માણ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન દ્વારા પ્રતિ વર્ષ 'અમદાવાદ નેશનલ બુક ફેર' નામથી રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે, જેને વર્ષ-૨૦૨૪થી અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેર નામકરણ કરાયું છે.

આ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત આગામી તારીખ ૧૩ થી ૨૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫માં અનેક રાષ્ટ્રીય સ્તરના ખ્યાતનામ વક્તાઓ પણ ઉપસ્થિત રહેશે. જેમાં લેફ્ટનન્ટ જનરલ કે.જે.એસ. ઢિલ્લોન, શ્રી કે. વિજયકુમાર (નિવૃત્ત ) તેમજ શ્રી સ્વપિનલ પાંડેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ બુક ફેરના વિવિધ સત્રોમાં પ્રખ્યાત ગુજરાતી લેખકો શ્રોતાઓનું માર્ગદર્શન કરશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫ના મુખ્ય આકર્ષણો અને કાર્યક્રમોની વાત કરીએ તો, 'સાહિત્ય મને ગમે છે' એ વિષય પર આયોજીત કાર્યક્રમમાં પૂજ્ય મોરારી બાપુ, તુષાર શુક્લા, ભાગ્યેશ ઝા અને જગદીશ ત્રિવેદી જેવા વક્તાઓ સાહિત્ય અને આધ્યાત્મિકતાના સંગમ પર પોતાના વિચારો વ્યક્ત કરશે. 'લોકસાગરના મોતી'માં જાણિતા ગાયક કિર્તિદાન ગઢવી લોકગીતો અને લોકસાહિત્ય પર જીવંત પ્રદર્શન કરશે.

'વન્સ મોરણી વિરાસત - ગુજરાતી કાવ્ય સંગીત' કાર્યક્રમમાં કવિ અંકિત ત્રિવેદી અને ગ્રુપ ગુજરાતી કાવ્ય પર જીવંત સંગીતમય પ્રસ્તુતિ આપશે. કાવ્યરંગ - ગીત ગઝલ / મુશાયરો કાર્યક્રમમાં જાણીતા ગઝલકારો અને કવિઓ દ્વારા કાવ્યપાઠ યોજાશે, જેમાં સંજુ વાલા, રાજેન્દ્ર શુક્લા, કિરણસિંહ ચૌહાણ, ભાવેશ ભટ્ટ, ભવિન ગોપાણી, કૃષ્ણા દવે, ઉષા ઉપાધ્યાય, હર્ષવી પટેલ, દલપત પઢીયાર, રાજેશ વ્યાસ મિસ્કિન અને હર્ષ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.

'શબ્દ સંસાર' વિષય પર આયોજિત કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર અને લેખક જય વસાવડા તેમના જીવનમાં સાહિત્યના પ્રભાવ વિષે વાત કરશે. 'શબ્દ સંસાર (ભાગ-૨)'માં જાણીતી લેખિકા કાજલ ઓઝા વૈદ્ય દ્વારા સાહિત્ય અને જીવન વચ્ચેના સંબંધ પર સંવાદ કરવામાં આવશે. 'શબ્દ સંસાર (ભાગ-૩)'માં લેખક સ્વપિનલ પાંડે (The Force Behind the Force) દ્વારા સાહિત્યિક ચર્ચા કરશે. જ્યારે 'વાંચીકમ' કાર્યક્રમમાં લોકપ્રિય ગુજરાતી લઘુકથાઓનું નાટ્યાત્મક અને સંગીતમય વાચનની પ્રસ્તુતિ નૈષધ પુરાણી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત 'દિલ કી કલમ સે' કાર્યક્રમમાં હિન્દી ફિલ્મ ગીતોમાં કાવ્યાત્મક તત્ત્વો પર જીવંત પ્રદર્શન થશે, જેમા ગાયક ચિરાગ દેસાઈ, શ્યામ ગઢવી, સલીમ મલિક, અનાલ વસાવડા, પાયલ વખારિયા રહેશે. જ્યારે સંગીત સંદિપ ક્રિશ્ચિયન તથા ૮ સંગીતકારો આપશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હર્ષ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવશે.

આ સાથો-સાથ વિચાર મંથન સેશન અંતર્ગત સ્વદેશી અને આત્મનિર્ભરતા વિષય પર વિવિધ વક્તાઓના વ્યાખ્યાન પર યોજાશે. તેમજ સ્ટાર્ટ અપ મંચ અંતર્ગત આઈ-હબ દ્વારા વિવિધ સ્ટાર્ટ અપ્સના નવા પ્રકલ્પો અને એક્સપર્ટના ટેકનિકલ સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અનંત નેશનલ યુનિવર્સિટી દ્વારા ૧૨ વર્ષ થી વધુ વયના મુલાકાતીઓ માટે ડિઝાઇન વર્કશોપ તેમજ અનંત નેશનલ યુનિવર્સિટીના વિદ્યાર્થી અને ફેકલ્ટીના ડિઝાઇન પ્રોડક્ટ્સનું એક્ઝિબિશન પણ યોજાશે.

આ સમગ્ર આયોજનમાં ૧૦૦થી વધુ સાહિત્યિક કાર્યક્રમો, ૩૦૦થી વધુ પ્રકાશકોના સ્ટોલ સહિત ૧૦૦૦થી વધુ પ્રકાશકોના પુસ્તકો સાથે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ગુજરાત સહિત દેશભરના પુસ્તક રસિકો અને સાહિત્યપ્રેમીઓ માટે સાહિત્યનું સરનામું બનશે.

આ પુસ્તકોના રસથાળની સાથોસાથ અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાન ગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણો ઉપલબ્ધ રહેશે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ નિશુલ્ક રહેશે.

# ઉનામાં માર્કેટયાર્ડમાં મારું કુંભાર જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા ૩૩મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

## સમાજની સમરસતાનું ઉતમ ઉદાહરણ એટલે સમૂહલગ્ન



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આજરોજ ઉના માર્કેટિંગ યાર્ડમાં મારું કુંભાર જ્ઞાતિ ટ્રસ્ટ-ઉના દ્વારા આયોજીત ૩૩ માં સમૂહ લગ્ન સમારોહમાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આયોજકો દ્વારા ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ નું ફુલહાર તેમજ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ સમૂહલગ્ન સમારોહમાં ઉનાના ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા. અને પ્રભુતામાં પગલાં પાડતા ''૧૫ નવદંપતીઓને'' સુખમય-મંગલમય જીવનના આશીર્વાદ આપ્યા હતા. તેમજ આ ઉમદા સામાજીક પરંપરાને ધારાસભ્ય એ બિરદાવી હતી આ સમૂહ લગ્ન સમારોહમાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તરફથી ''૨૧૦૦૦ હજાર'' રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યુ હતુ. આ અવસરે જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, મારું કુંભાર સમાજના પ્રમુખ મણીભાઈ નંદવાણા, મારું કુંભાર સમૂહ લગ્ન સમિતિના પ્રમુખબાબુભાઈ માળવી, તાલુકા પંચાયતના સદસ્ય વજુભાઈ કીડેચા, ભડિયાદર ગામના સરપંચના પ્રતિનિધિ અલ્પેશભાઈ ભીલવાળા, જુના ઉગલા ગામના સરપંચના પ્રતિનિધિ દિવ્યકાંતભાઈ ડાંગોદરા તેમજ દિલાવરભાઈ નંદવાણા, ભાણજીભાઈ કીડેચા, ભગવાનભાઈ ચાંદોરા અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી મહાકાળી આશ્રમ ચરાડવાથી દ્વારકા સુધી ''સંકલ્પ સિદ્ધ પદયાત્રા''નું આયોજન



**મુખ્ય સમાચાર, મોરબી**

પરમ પૂજ્ય મહંત શ્રી અમરગીરીબાપુના સંકલ્પ સિદ્ધિ નિમિત્તે પરમ પૂજ્ય બ્રહ્મલીન સંત શિરોમણી ગુરુવર્ય શ્રી દયાનંદગીરીબાપુના આશીર્વાદથી આગામી ૭ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી ચરાડવાથી દ્વારકા સુધી સંકલ્પ સિદ્ધ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રામાં ભક્તોને ૩૦ નવેમ્બર સુધી નામ નોંધાવવા અપીલ કરવામાં આવી છે.

મોરબી જીલ્લાના હળવદ તાલુકાના ચરાડવા સ્થિત શ્રી મહાકાળી આશ્રમથી દ્વારકા સુધી ''સંકલ્પ સિદ્ધ પદયાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પદયાત્રા પરમ પૂજ્ય મહંત શ્રી અમરગીરીબાપુના સંકલ્પ સિદ્ધિ નિમિત્તે તથા પરમ પૂજ્ય બ્રહ્મલીન સંત શિરોમણી ગુરુવર્ય શ્રી દયાનંદગીરીબાપુના આશીર્વાદથી યોજાઈ રહી છે. આ પદયાત્રા દરમિયાન દ્વારકાધીશ દર્શન તથા ધજા આરોહણ કાર્યક્રમ પણ યોજાશે. ચરાડવાથી શરૂ થનારી આ પદયાત્રા તારીખ ૭ ડિસેમ્બર ૨૦૨૫થી શરૂ થઈ ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. પદયાત્રામાં ભાગ લેવા માટે શ્રદ્ધાળુઓ અને ભક્તોને જોડાવા માટે વિનંતી કરવામાં આવી છે. પદયાત્રા સંઘમાં જોડાવા માટે નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. ઇચ્છુક ભક્તોએ અમરતભાઈ લાલજીભાઈ પટેલ-૬૩૫૩૮ ૩૫૩૫૯, રાજેશભાઈ ધીરૂભાઈ પટેલ-૯૭૨૭૩ ૭૯૫૦૦, વિજય બનેશંગભાઈ પઢિયાર-૬૩૫૧૩ ૬૪૮૯૯, મુનાભાઈ માત્રાભાઈ સાનિયા(કનૈયા ચા)-૯૯૭૮૫ ૫૪૭૮૩, શંકરભાઈ નરશીભાઈ સોનાગ્રા-૯૮૭૯૯ ૬૬૯૬૩, નરેશભાઈ જેસિંગભાઈ સોનાગ્રા-૯૯૧૩૫ ૬૦૩૮૪, પ્રવિણભાઈ મગનભાઈ બાવરવા(ગોકુળીયા)-૯૬૬૪૮ ૩૧૩૧૪ તથા મનસુખભાઈ બચુભાઈ પટેલ-૯૮૨૫૬ ૪૧૬૫૧ ના મોબાઈલ ઉપર સંપર્ક કરી પોતાનું નામ નોંધાવી શકે છે. આ યાત્રા શ્રી મહાકાળી આશ્રમ, ચરાડવાના આશ્રય હેઠળ યોજાઈ રહી છે અને તેનું નેતૃત્વ પરમ પૂજ્ય મહંત અમરગીરી મહારાજ કરશે. યાત્રાના અંતે દ્વારકાધીશના પવિત્ર ધામે ધજા આરોહણ વિધિ સાથે ભક્તિભાવથી કાર્યક્રમ પૂર્ણ થશે.

# ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલની નવી બિલ્ડીંગ માટે પાર્કિંગ, બેઠક વ્યવસ્થા સહિતની જરૂરી સગવડો અંગે સમીક્ષા હાથ ધરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલના નવીનીકરણ પ્રોજેક્ટના ભાગરૂપે, નવા બાંધકામની જગ્યાના ડીમોલિશન અન્વયે તૈયાર થઈ ચૂકેલા નવા OPD એરિયામાં તબક્કાવાર શિફ્ટિંગ માટેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. આ તૈયારીના ભાગરૂપે મ્યુનિસિપલ કમિશનર જામનગર દ્વારા મોકલવામાં આવેલી ટીમ સાથે સંયુક્ત સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કમિશનરશ્રી દ્વારા જાહેર જનતાને શિફ્ટિંગ દરમિયાન મહત્તમ સગવડ મળી રહે તે માટે સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપવામાં આવી છે. જાહેર જનતાના લાભાર્થે, જ્યારે OPD વિસ્તારમાં દૈનિક આશરે ૬૦૦૦ દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓની અવર-જવર રહેશે તેવા સંજોગોમાં તેમના માટેની બેઠક વ્યવસ્થા અને જરૂરી પાર્કિંગ વ્યવસ્થા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પાર્કિંગ વ્યવસ્થા માટે કોલેજ કમ્પાઉન્ડની દિવાલની બહારનો વિસ્તાર તૈયાર કરવા માટેનું જાત નિરીક્ષણ કરીને તેની દરખાસ્તો તૈયાર કરી મ્યુનિસિપલ કમિશનરને સાદર કરવામાં આવી છે. આ તમામ વિસ્તાર યોગ્ય પાર્કિંગ અને અન્ય જરૂરી સગવડો સાથે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયા બાદ જ જી.જી. સરકારી હોસ્પિટલ ખાતેની OPDને નવા બનાવેલા અત્યાધુનિક બાંધકામમાં શિફ્ટ કરવાની થશે તેવું નક્કી કરવામાં આવ્યું છે.

# મોરબીમાં વ્યાજબી ભાવની દુકાનદારોની ૨૦માંથી ૧૧ માંગણીઓ સ્વીકારાઈઃ નવેમ્બર માસનું વિતરણ શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

તા. ૨૫ ઑક્ટોબરે વાજબી ભાવની દુકાન એસોસિએશન દ્વારા રજૂ થયેલી માંગણીઓ સંદર્ભે તા. ૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગમાં બેઠક યોજાઈ. કુલ ૨૦ માંગણીઓમાંથી ૧૧ મુદ્દા સ્વીકારીને સંબંધિત કચેરીઓને સૂચનાઓ પાઠવી હતી. દુકાનદારો દ્વારા ચલણ ભરવાની કાર્યવાહી પૂર્ણ થતાં નવેમ્બર માસથી અનાજ વિતરણ રાબેતા મુજબ શરૂ કરાયું છે.

વાજબી ભાવની દુકાન એસોસિએશન દ્વારા તા. ૨૫ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ સરકાર સમક્ષ રજૂ કરાયેલ આવેદનપત્રના અનુસંધાને તા. ૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનાં વિભાગ ખાતે એસોસિએશનનાં પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન એસોસિએશન દ્વારા રજૂ કરાયેલ કુલ ૨૦ માંગણીઓમાંથી ૧૧ મુદ્દા પર વિભાગે હકારાત્મક અભિગમ દાખવ્યો હતો અને સંબંધિત જીલ્લા કચેરીઓ તથા પુરવઠા તંત્રને આ મુદ્દાઓના અમલ માટે લેખિતમાં સૂચના આપવામાં આવી છે. સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની NFSA યોજના તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લાભાર્થીઓ અને સસ્તા અનાજ દુકાનદારોના હિતમાં અનેક સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે.

હાલમાં, નવેમ્બર માસના વિતરણ માટે રાજ્યભરના મોટાભાગના વાજબી ભાવના દુકાનદારો ચલણ ભરવાની



કામગીરી પૂર્ણ કરી ચૂક્યા છે. જાહેરહિતને ધ્યાનમાં રાખીને અને હાલની વાવાઝોડાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને NFSA હેઠળ નોંધાયેલા ૩.૫ કરોડથી વધુ લાભાર્થીઓના હિતમાં, બાકી રહેલા દુકાનદારોને પણ તાત્કાલિક ચલણ ભરવાની અને વિતરણ શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, સુરત, આણંદ, વડોદરા, રાજકોટ સહિતના જીલ્લાઓમાં દુકાનદારો દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપતા વધારાના ચલણ જનરેટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાજકોટ જીલ્લાના જામકંડોરણા સહિતના વિસ્તારોમાં વિતરણની કામગીરી પણ શરૂ થઈ ગઈ છે. વિભાગના જણાવ્યા મુજબ, આવતીકાલથી ઘઉં અને ચોખાનું વિતરણ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે, જેથી લાભાર્થીઓને સમયસર અનાજ મળી રહે અને કોઈ વિક્ષેપ ન થાય.

# જામનગર જિલ્લામાં આગામી તહેવારોને અનુલક્ષીને હથિયારબંધી જાહેર કરવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, આગામી દિવસોમાં ગુરુ નાનકજયંતિ ઉજવવામાં આવનાર હોય જેને અનુલક્ષીને જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં આગામી તા.૦૨-૧૨-૨૦૨૫ સુધી હથિયારબંધી ફરમાવતો આદેશ બહાર પાડવામાં આવ્યો છે. જાહેરનામા મુજબ કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, લાઠી તેમજ શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધન, કોઈપણ પ્રકારના ક્ષયકારી અને સ્ફોટક દારૂગોળો જેવા પદાર્થો, પથ્થરો અને ફેંકી શકાય તેવી વસ્તુઓ, ધકેલવાના યંત્રો, મનુષ્ય અથવા તેના શબ, આકૃતિઓ કે પૂતળાં દેખાડવા કે બાળવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા, ટોળામાં ફરવું, પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ અને એમ.પી. શાહ મ્યુનિ. ટાઉનહોલમાં પ્રવેશ કરવો- આવી તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.જાહેરનામું ફરજ પરના હાજર અધિકારીઓ, કર્મચારીઓ, હોમ ગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો જેઓને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ જેઓ હથિયાર ધરાવતા હોય, શારીરિક અશક્તિને કારણે લાઠી રાખવાની પરવાનગી હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજા, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલ હોય, પોલીસ અધિક્ષક અથવા તેમણે નિયુક્ત કરેલા અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલ હોય અને કિરપાણ રાખેલ શીખને લાગુ પડશે નહિ.આ જાહેરનામાંનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ- ૧૩૫(૧) મુજબ દંડની સજા, ઓછામાં ઓછાં ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે.

# SIR અંતર્ગત જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના મીટિંગ હોલમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.પત્રકાર પરિષદમાં ચૂંટણી અધિકારીએ મીડિયાના માધ્યમથી લોકોને આ કામગીરીમાં સહયોગ આપવા અપીલ કરી હતી. તેઓએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ તા.૦૭-૦૨-૨૦૨૬ સુધી ચાલશે. તા.૦૪-૧૧-૨૦૨૫ થી તા.૦૪-૧૨-૨૦૨૫ સુધી ગણતરીનો સમયગાળો અને.તા.૦૪-૧૨-૨૦૨૫સુધીમાં મતદાન મથકોનું રેશનલાઈઝેશન/રી-એરેન્જમેન્ટ. આ દરમિયાન બીએલઓ દ્વારા મતદારોના ઘરે જઈ ફોર્મ આપવામાં આવશે. જે ભરી નાગરિકોએ પરત કરવાના રહેશે. તા.૦૫-૧૨-૨૦૨૫થી તા.૦૮-૧૨-૨૦૨૫ સુધી કંટ્રોલ ટેબલનું અપડેશન અને મુસદ્દા મતદારયાદીની તૈયારી, તા.૦૯-૧૨-૨૦૨૫ના રોજ મુસદ્દા મતદારયાદીની પ્રસિદ્ધિ, તા.૦૯-૧૨-૨૦૨૫થી તા.૦૮-૦૧-૨૦૨૬ સુધી હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજુ કરવાનો સમયગાળો રહેશે.તા.૦૯-૧૨-૨૦૨૫થી ૩૧-૦૧-૨૦૨૬ સુધીમાં નોટિસ તબક્કો નોટિસ ઈશ્યુ કરવી, સુનાવણી અને ચકાસણી ગણતરી ફોર્મ પર નિર્ણય અને દ્વારા સમકાલીન રીતે હક્ક-દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવશે. અને ત્યારબાદ તા.૭-૨-૨૦૨૬ના રોજ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે.જિલ્લા ચૂંટણી અધિકારીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં હાલની સ્થિતિએ કુલ ૧૨૪૨ મતદાનમથકો છે. અને દરેક મથક દીઠ એક બીએલઓની નિમણુક કરવામાં આવી છે. મતદારો પોતાનું અને પોતાના સંબંધીઓનું નામ અગાઉની ખાસ સઘન સુધારણા..ની મતદારયાદીમાં https://voters.eci.gov.in/ પર ચકાસી શકે છે. જેથી તેઓ ગણતરી ફોર્મમાં વિગતો ભરી શકે. મદદ માટે, મતદારો સંબંધિત BLOનો સંપર્ક કરી શકે છે.દસ્તાવેજોની સૂચક સંપૂર્ણ નહીં યાદી.કોઈપણ કેન્દ્ર સરકાર.રાજ્ય સરકાર.પીએસયુના નિયમિત કર્મચારી.પેન્શનરને જારી કરાયેલ કોઈપણ ઓળખ કાર્ડ.પેન્શન ચુકવણી ઓર્ડર.૦૧.૦૭.૧૯૮૭ પહેલા સરકાર.સ્થાનિક અધિકારીઓબેંક.પોસ્ટ ઓફિસ. એલઆઈસી.પીએસયુ દ્વારા ભારતમાં જારી કરાયેલ કોઈપણ ઓળખ કાડ .પ્રમાણપત્ર.દસ્તાવેજ.સક્ષમ અધિકારી દ્વારા ઈશ્યુ કરેલ જન્મ પ્રમાણપત્ર.પાસપોર્ટ.માન્ય બોર્ડ.યુનિવર્સિટી દ્વારા જારી કરાયેલ મેટ્રિક્યુલેશન. શૈક્ષણિક પ્રમાણપત્ર. સક્ષમ રાજ્ય અધિકારી દ્વારા ઈશ્યુ કરેલ કાયમી રહેઠાણ પ્રમાણપત્ર. વન અધિકાર. પ્રમાણપત્ર. ઓબીસી. એસસી.એસટી અથવા સક્ષમ અધિકારી દ્વારા ઈશ્યુ કરેલ કોઈપણ જાતિ પ્રમાણપત્ર

રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર National Register of Citizens.જ્યાં પણ તે અસ્તિત્વમાં હોય.રાજ્ય.સ્થાનિક અધિકારીઓ દ્વારા તૈયાર કરાયેલ કુટુંબ રજિસ્ટર.સરકાર દ્વારા કોઈપણ જમીન.મકાન ફાળવણી પ્રમાણપત્ર.આધાર માટે ભારતના ચૂંટણી પંચના તા.૯-૯-૨૦૨૫ના પત્ર નં.23/2025-ERS-/VOI.I(Annexure II) થી આપવામાં આવેલા નિર્દેશો લાગુ પડશે.પત્રકાર પરિષદમાં નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દીપા કોટક, નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી આદર્શ બસર, પત્રકારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદના માથક ગામે પરિણીતાને મરવા મજબુર કરનાર પતિ સહિતના સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના માથક ગામે રહેતી પરિણીતાને પતિ સહિતના સાસરીયા માનસિક તથા શારીરિક ત્રાસ આપતા હોય જેથી કંટાળી પરિણીતાએ ગળેફાંસો ખાઈ અંતિમ પગલું ભરી લીધું હતું. ત્યારે મૃતક પરિણીતાના ભાઈ દ્વારા બેનના પતિ સહિતના ચાર સાસરી પક્ષના સભ્યો વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, હળવદ તાલુજના મેરૂપર ગામના ઈન્દ્રજીતભાઈ પથુભાઈ ખેર ઉવ.૪૧ એ હળવદ પોલીસ મથકમાં આરોપી અરજણભાઈ દેવુભા ચાવડા, ઉપેન્દ્ર અરજણભાઈ ચાવડા, ધનુબેન દેવુભા ચાવડા, વસંતબેન ઝાલાભાઈ ચાવડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી ઈન્દ્રજીતભાઈના મોટા બહેન નિતાબેનને તેમના પતિ તથા પતિના આગલા ઘરનો દીકરો, સાસુ સહિતના માનસિક ત્રાસ આપતા તેમજ મારકુટ કરતા હોય જ્યારે મૃતકના દેરાણી આરોપી વસંતબેન ચાવડા ખોટી ચડામણી કરી માનસિક ત્રાસ આપતા હોય ત્યારે તમામ બાબતથી કંટાળી ફરિયાદીના બહેનને મરવા દુષપ્રેરીત કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી હોય. હાલ હળવદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ ૧૦૮ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જામનગર જિલ્લા વહીવટીતંત્ર અને ખેતીવાડી વિભાગની ૩૩૨ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે પાક નુકસાની સર્વેની કામગીરી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા પાક નુકસાનની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે જગતના તાતના હિતમાં તાત્કાલિક નિર્ણય લેવા માટે કટિબદ્ધતા દર્શાવી છે.મુખ્યમંત્રીની સૂચના અનુસાર અને જિલ્લાના કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે સર્વે આંકલનનું કાર્ય યુદ્ધના ધોરણે સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા જામનગર (ગ્રામ્ય, શહેર), કાલાવડ, જામજોધપુર, ધ્રોલ, જોડિયા અને લાલપુર સહિતના સમગ્ર જિલ્લાના તમામ તમામ તાલુકાઓને આવરી લઈ કૃષિ સંલગ્ન અને અન્ય વિભાગના તમામ કર્મચારીઓની કુલ ૩૩૨ ટીમો બનાવવામાં આવી હતી. આ કર્મચારીઓએ અસરગ્રસ્ત ખેતીનો તાત્કાલિક ધોરણે સર્વે આંકલન થાય એ દિશામાં



કામગીરી વેગવંતી બનાવી હતી, જેમાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અસરગ્રસ્ત ગામોની રૂબરૂ મુલાકાત લઈ ટીમોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી ખેતીવાડી વિભાગના અધિકારીઓ-કર્મચારીઓએ રોજકામ સાથે સર્વે પૂર્ણ કરવાની કામગીરીને વેગ આપતાં, જામનગર (ગ્રામ્ય) ના ૧૦૦, જામનગર (શહેર)ના ૬, કાલાવડના ૯૮, જામજોધપુરના ૬૯, ધ્રોલના ૪૨, જોડિયાના ૩૭ અને લાલપુરના ૭૩ ગામોનો ૧૦૦ ટકા સર્વે પૂર્ણ કરી દેવાયો છે.જિલ્લા ખેતીવાડી અધિકારી આર.એસ.ગોહેલના જણાવ્યા અનુસાર, છેલ્લા અઠવાડિયામાં જામનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયેલ છે. જેના પગલે જિલ્લાના ૪૨૫ ગામોના ખેડૂતોને મગફળી, કપાસ, તુવેર, સોયાબીન અને શાકભાજીપાકો સહિત કુલ ૩,૨૮,૧૮૫ હેક્ટરમાં અસર પહોંચી છે. આ સાથે જ, તાલુકા કક્ષાએ ક્લાસ-૧ અને ક્લાસ-૨ અધિકારીઓની લાયઝન અધિકારી અને નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લામાં ચાલુ ખરીફ ઋતુના ૩,૪૭,૦૬૬ હેક્ટરમાં કુલ વાવેતર કરાયું છે. હાલમાં વિવિધ ગ્રામ્ય વિસ્તારના ખેતરોમાં ગ્રામસેવકો અને તલાટી કમ મંત્રી દ્વારા મુલાકાત લઈ, ખેડૂતોને થયેલી નુકશાની અંગે પાકની હાલની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને તમામ એકત્રિત માહિતીનો અહેવાલ તાત્કાલિક રાજ્ય સરકારને મોકલવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેથી ખેડૂતોને ઝડપથી સહાય મળી શકે.

# જામનગરમાં પટણીવાડ વિસ્તારમાં પોલીસનો જુગારધામ પર દરોડો, પાંચ પત્તા પ્રેમીઓ પકડાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પટણી વાડ વિસ્તારના ગંજીપાના વડે જુગાર રમી રહેલા પાંચ પત્તા પ્રેમીઓને પોલીસે ઝડપી લીધા છે.

જામનગરના પટણીવાડ વિસ્તારમાં કેટલાક લોકો એકત્ર થઈને જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ગંજી પાના વડે જુગાર રમી રહેલા અસગર હુસેનભાઈ પટણી, અલ્તાફ કરીમભાઈ સિપાઈ, શબ્બીર અકબર અલી ભારમલ, શબ્બીર અહેમદઅલી વાઘેલા, અને સલીમ અલીમામદ ધાણીવાલા ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૦,૧૬૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી મનોજભાઈ અકબરીની પુત્રી ક્રિષાબેન અકબરીએ સ્વિમિંગમાં રાજ્યકક્ષાએ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યકક્ષાએ (SGF) અંડર 14th માં ગર્લ્સ સ્પર્ધા તા. ૩૧ અને ૧ ના બેક સ્ટોક ૫૦ મીટર અને ૧૦૦ મીટર માં રાજ્ય કક્ષાએ (૩) ત્રીજો નંબર મેળવ્યો હતો.ક્રિષાબેન અકબર છેલ્લા (૪) ચાર વર્ષથી RDSA (રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસીએશન) પ્રેક્ટિસ કરીને (૧૨) બાર વર્ષની અમારે અંડર 14th માં રાજ્યકક્ષાએ (૩) ત્રીજો નંબર પ્રાપ્ત કરી. રાજકોટ જિલ્લાનું તેમજ RDSAનું નામ ગુજરાત લેવલે ઉજડુ કરેલ છે. RDSA દ્વારા ક્રિષાબેન અકબરી ઉપરાંત અંડર 14th માં બોયઝ માં વ્યોમા તેમજ નિહાલ અંડર 14th ગર્લ્સમાં દ્રીશા દ્વારા ઉત્કર્ષ પરિણામ આપેલ છે. RDSAના પ્રેરણા સ્ત્રોત એવ બકિમ જોશી સાહેબ ને ઉત્કર્ષ પરિણામ આપવા બદલ અભિનંદન આપવામાં આવેલ છે. રાજકોટ જિલ્લા ભાજપ તેમજ ભારત સરકારના કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા તેમજ ભાજપ પરિવાર દ્વારા ક્રિષાબેન અકબરીને ઉત્કર્ષ પરિણામને અભિનંદન પાઠવેલ છે.

# ભયજનક જળાશયો, તળાવ, નહેરમાં પ્રતિબંધ હુકમ જારી કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ ભયનજક જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓએ નહાવા તથા ભારે ભીડ થવા પર પોલીસ કમિશનરશ્રી બ્રજેશકુમાર ઝા દ્વારા પ્રતિબંધ જાહેર કરાયો છે. જે ૩૧ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે.

જેમાં આજી નદીનો કાંઠો નવયુગપરા ઘાંચીવાડ સ્મશાનથી કેસરી હિંદ પુલ સુધી, લાલપરી તળાવ, સંત કબીર ટેકરી પાસે,આજી નદીનો કાંઠો, ભગવતી પરા, આજી નદીનો કાંઠો, બેડીપરા, આજીડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ભાવનગર હાઈ-વે રોડ સાઈડ, ખોખડદળ નદી, ખોખડદળ ગામ, રાંદરડા તળાવ, જુના માર્કેટીંગ યાર્ડ પાસે, જામનગર રોડ, ઈશ્વરીયા પાર્ક ખાતે આવેલ તળાવ,અટલ સરોવર, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ, પરશુરામ મંદીર પાછળનું તળાવ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ, યુનિર્વસીટી કેમ્પસ, મેલડી માતાના મંદીરની સામેનુ તળાવ, યુનિર્વસીટી ચાર રસ્તા, પ્રશીલ પાર્કની પાછળનું તળાવ, વેજાગામ પાસે આવેલ તળાવ તથા રૈયા ગામ તળાવમા કોઈ પણ વ્યક્તિઓ/ પ્રવાસીઓએ નહાવા પર તથા ભારે ભીડ એકઠી થવા પર પ્રતિબંધ મુકાયો છે.

# રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝૂંબેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંતર્ગત દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝૂંબેશ - ૨૦૨૫ અન્વયે તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. સદર જાહેરાત મુજબ નિયત લાયકાત ધરાવતા દ્વિસ્તરીય TAT (HS)-૨૦૨૩ પરીક્ષા પાસ હોય તેવા ફક્ત દિવ્યાંગ ઉમેદવારો તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૧૨/૧૧/૨૦૨૫ના રોજ ૨૩૫૯ કલાક સુધી https://gserc.in/ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે. જેની ખાસ નોંધ લેવા ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમાં જણાવાયુ છે

# બાયોમેડીકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કરનાર એજન્સીને ૪૦ હજારનો દંડ કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના રણજીતસાગર રોડ ઉપર આવેલી નંદનવન પાર્કના રહેણાંક વિસ્તારમાં કચરામાં મેડીકલ વેસ્ટનો કોઈ વ્યક્તિ દ્વારા જાહેરમાં નિકાલ કરાતાં સ્થાનિક લોકોમાં રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. મ્યુ.તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી તપાસ કરાવીને જાહેરમાં મેડિકલ વેસ્ટનો નિકાલ કરનાર પેઢી સામે દંડકીય કાર્યવાહી કરી ને રૂપિયા ૪૦ હજારનો દંડ ફટકાર્યો છે. ઉપરાંત મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવ્યો હતો.જામનગર શહેરના નંદનવન પાર્કમાં કચરાના ઢગલામાં મેડીકલને લગતી સામગ્રી એક્સપાયરી થયેલી દવાઓના આશરે ૩૦૦ જેટલા ડબ્બા, ઈન્જેક્શનો, ખાલી પ્લાસ્ટિક સીરીજ ૨૦૦થી વધુ, તેમજ ઈન્જેકશનની કાચની બોટલ (વાઈલ) ૧૫૦ જેટલી, રક્તથી દુશીત કોટન, ગ્લોઝ, મેડિકલ બેન્ડેડ, ખાલી દવાઓના પેકેટ અને કાગળ, ઈન્ફ્યુઝન સેટ અને પ્લાસ્ટિક બેગ્સ.કોઈએ જાહેરમાં નિકાલ કર્યો હતો.ઉપરોક્ત બાયોવેસ્ટ રહેણાંક વિસ્તારમાં કર્યો હોવાથી સવારમાંજ કેટલાક બાળકો ત્યાં એકઠા થઈ ગયા હતા. તો વોકીંગ કરવા નિકળેલા લોકોને ધ્યાનમાં આવતાં સ્થાનિક લોકોમાં રોષની લાગણી વ્યાપી ગઈ હતી. આ બનાવ અંગેની જાગૃત નાગરિકે જામ્યુકોને જાણ કરતાં મહાનગર પાલિકાની સોલિડ વેસ્ટ શાખાની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી, અને આ બાયો વેસ્ટ નો કોણે નિકાલ કરેલો છે, તે દિશામાં તપાસ કરી હતી.સાથોસાથ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પણ જોડાયો હતો. જેઓની તપાસ દરમિયાન નજીકનસ વિસ્તારમાં જ આવેલી ગુરુ કૃપા એજન્સી નામની પેઢી કે જેનું દવાની એજન્સીનું કામ છે, અને ત્યાં જ ગોડાઉન આવેલું છે.જેમાં એક્સપાયરી ડેઈટ ની દવા નો જથ્થો પડ્યો હતો, જેનો નિકાલ કરવા માટે તેમના કર્મચારીઓને સૂચના આપી હતી. પરંતુ કર્મચારીએ તમામ મેડિકલ વેસ્ટનો નાશ કરવા ને બદલે જાહેરમાં ફેંકી દીધો હતો, અને જન આરોગ્ય પર ખતરા સ્વરૂપના બાયો વેસ્ટ સંદર્ભે જામનગર મહાનગરપાલિકાની ટીમને જાણકારી મળી ગઈ હતી,આથી સદગુરુ નામની પેઢીના સંચાલકને જાહેરમાં બાયો વેસ્ટનો નિકાલ કરવા બદલ રૂપિયા ૪૦,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો, ઉપરાંત સ્થળ પર જ હાજર રહીને તમામ બાયો વેસ્ટ એકત્ર કરીને તેનો નિકાલ કરવા માટેની કડક સૂચના આપીને જાહેરમાં નિકાલ પણ કરાવી લીધો હતો. ત્યારબાદ સ્થાનિક લોકોએ રાહત અનુભવી હતી. આ બાયોમેડિકલ વેસ્ટનો જામનગર શહેરમાં સમગ્ર દિવસ દરમિયાન વિડીઓ વાયરલ થયો હતો.

# હોસ્પિટલમાં તપાસ કરાવવા ગયેલી મહિલાઓના વિડિયો પોર્ન વેબસાઈટ પર અપલોડ થતા હાહાકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઘણીવાર આપણે અમુક સોશિયલ એકાઉન્ટ્સ, ઘરના Wi-Fi અથવા CCTV કેમેરા માટે પાસવર્ડ એટલા સરળ રીતે સેટ કરીએ છીએ કે કોઈપણ તેનો અંદાજ લગાવી શકે. જોકે આ અત્યંત ખતરનાક છે, કારણ કે તાજેતરમાં, ગુજરાતના રાજકોટની એક હોસ્પિટલમાં ડિફોલ્ટ પાસવર્ડ ""admin123"" ને કારણે મોટી સંખ્યામાં મહિલાઓના ખાનગી વીડિયો વાયરલ થયા હતા.રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલમાં શરૂ થયેલો આ કેસ ભારતના સૌથી ગંભીર સાયબર કૌભાંડોમાંનો એક બની ગયો છે. હેકર્સે ડિફોલ્ટ પાસવર્ડનો ઉપયોગ કરીને હોસ્પિટલના સીસીટીવી સિસ્ટમમાં પ્રવેશ કર્યો અને ગાયનેકોલોજી વોર્ડમાં મહિલાઓના ખાનગી વીડિયો ચોરી લીધા. ત્યારબાદ તેઓએ આ વીડિયો વિદેશી પોર્નોગ્રાફિક નેટવર્કને વેચી દીધા.

તપાસમાં જાણવા મળ્યું કે આ નેટવર્ક જાન્યુઆરી ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ સુધી સક્રિય હતું. હેકર્સે દેશભરમાંથી આશરે ૫૦,૦૦૦ ક્લિપ્સ ચોરી લીધી હતી. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે આ વીડિયોના ટીઝર યુટયુબ ચેનલો મેઘા એમબીબીએસ' અને સીપી મોન્ડા' પર દેખાવા લાગ્યા. ત્યાંથી, લોકોને ટેલિગ્રામ ગ્રુપમાં મોકલવામાં આવતા હતા જ્યાં વીડિયો રૂ.૭૦૦ થી રૂ.૪,૦૦૦ ની વચ્ચે વેચાતા હતા.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે દેશભરમાં ૮૦ સીસીટીવી સિસ્ટમ હેક કરવામાં આવી હતી, જેમાં પુણે, મુંબઈ, નાસિક, સુરત, અમદાવાદ અને દિલ્હી જેવા શહેરોનો સમાવેશ થાય છે. પીડિતોમાં હોસ્પિટલો, શાળાઓ, ઓફિસો, ફેક્ટરીઓ અને ઘરોના રહેવાસીઓનો સમાવેશ થાય છે. જોકે ફેબ્રુઆરી ૨૦૨૫ માં શરૂઆતની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ જૂન સુધી ટેલિગ્રામ પર ગેરકાયદેસર વિડિઓઝ વેચાતા રહ્યા.

મુખ્ય આરોપી, પરિત ધામેલિયા, ત્રણ સોફ્?ટવેર ટૂલ્સનો ઉપયોગ કરીને પાસવર્ડ તોડતો હતો. ધામેલિયા બી.કોમ. ગ્રેજ્યુએટ છે. બીજા આરોપી, રોહિત સિસોદિયા, મેડિકલ લેબ ટેકનોલોજીમાં ડિપ્લોમા ધરાવે છે અને કાયદેસર વ્યાવસાયિક તરીકે ઓળખાતો હતો અને ચોરેલા લોગિનનો ઉપયોગ કરીને કેમેરા હેક કરતો હતો. રોહિતની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી હતી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીને ટાંકીને કહ્યું કે હેકર્સે બ્રુટ ફોર્સ એટેક' તકનીકનો ઉપયોગ કર્યો હતો, જેમાં કમ્પ્યુટર લોગિન કરવા માટે દરેક પાસવર્ડનો અંદાજ લગાવવાનો પ્રયાસ કરે છે. તપાસકર્તાઓએ ચેતવણી આપી છે કે દેશભરમાં ઘણા સીસીટીવી કેમેરા હજુ પણ ઁફુળશઁ૧૨ઉઁ જેવા ફેક્ટરી પાસવર્ડ પર ચાલી રહ્યા છે જે ગમે ત્યારે હેક થઈ શકે છે.

# વાહનોની લે-વેચ કરતા વેપારીઓને તમામ વિગતો સાથેનું રજીસ્ટર નિભાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે વાહન વેચનારાનાઓ માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના આદેશો જારી કર્યા છે. જે અન્વયે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં વાહન વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે જુના વાહન વેચવામાં આવે ત્યારે વાહન ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે ખરીદીનું બીલ, વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર ધારાસભ્ય, સાંસદસભ્ય કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વાહન વેચાણ કરનારે મેળવી તેનો રેકર્ડ નિભાવવાનો રહેશે.

તદુપરાંત વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર, વાહનનો પ્રકાર, વાહનનો એન્જીન નંબર, (ફ્રેમ ચેસીસ નંબર લખવો આવશ્યક છે) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર, ફોર વ્હીલર તથા ભારે વાહનોના વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે જરૂરી વિગતો મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

આ આદેશનો અમલ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

# ધોરાજીના નાનીવાવડી ગામે સર્વે કર્યા વગર જ ખેડુતોને સહાય ચુકવવા માંગણી



## સહકારી મંડળીની પ્રમુખ તથા સરપંચ દ્વારા ડે.કલેકટરને આવેદનપત્ર અપાયું

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજી તાલુકાના નાનીવાવડી ગામે ભૌતિક સર્વેની કામગીરી કર્યા વગર આખા ગામને અસરગ્રસ્ત ગણી તત્કાલ સહાય-વળતર ચુકવવા માંગણી ઉઠાવી નાનીવાવડી સેવા સહકારી મંડળીના પ્રમુખ આર.સી.ભુત તથા સરપંચ રાજેશભાઈ પીઠીયાએ ડે.કલેકટર ધોરાજીને આવેદનપત્ર પાઠવી માંગણી કરી છે.

આ અંગે મંડળીના પ્રમુખ આર.સી.ભુત તથા સરપંચ રાજેશભાઈ પીઠીયાએ જણાવેલ છે કે નાનીવાવડી ગામે હાલ છેલ્લા ૬ દિવસથી કમોસમી વરસાદ ચાલુ છે. હાલ ખરીફ સીઝનના પાકો જેવા કે મગફળી, સોયાબીન તથા કપાસની કાપણીનો સમય છે.

ગામમાં આટલા દિવસના થયેલ વરસાદને લીધે બધા પાકો સંપૂર્ણ રીતે નાશ પામેલ છે. ખેડુતોના હાથમાં કંઈ આવ્યું નથી. ત્યારે આ ભૌતિક સર્વેની કામગીરી કર્યા વગર આખા ગામને અસરગ્રસ્ત ગણીને તાત્કાલીક ધોરણે સહાય ચુકવવાનીભૌતિક સર્વેની કામગીરી કર્યા વગર આખા ગામને અસરગ્રસ્ત ગણીને તાત્કાલીક ધોરણે સહાય ચુકવવાની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી છે. તેઓએ ભૌતિક સર્વેનો વિરોધ કરેલ છે.

# મોટીમારડમાં ભાજપના સ્નેહમિલનમાં ખેડૂતોનો આક્રોશઃ ધારાસભ્યને આડેહાથ લીધા



**મુખ્ય સમાચાર, ધોરાજી (અહેવાલ - કૌશલ સોલંકી)**

ધોરાજી તાલુકાના મોટી મારડ ગામે ભાજપનાં સ્નેહ મિલન સમારોહનો વિરોધ પ્રદર્શન જોવા મળ્યો ધોરાજી ઉપલેટાનાં ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા અને ભાજપ અગ્રણી દ્વારા ધોરાજી તાલુકાના મોટીમારડ ગામે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતો અને આ સ્નેહમિલન કાર્યકમમાં ખેડૂતોનો આક્રોશ જોવા મળેલ હતો અને ધારાસભ્યને ખેડૂતો એ આડે હાથ લીધા.

# મોરબીના લાતીપ્લોટ-૮ના નાકેથી ઈંગ્લીશ દારૂની ૬ બોટલ સાથે બે પકડાયા

મોરબી શહેર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન લાતી પ્લોટ શેરી નં. ૮ ના નાકે શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટિકના બાચકા સાથે ઉભેલા બે ઈસમોને રોકી તેના પાસે રહેલ બાચકાની તલાસી લેતા તેમાથી ગ્રીનપાર્ક વ્હિસ્કીની ૬ નંગ બોટલ કિ.રૂ.૧,૮૦૦/-મળી આવી હતી, જેથી તુરંત બન્ને આરોપી સાહિલભાઈ કરીમભાઈ ચાનીયા ઉવ.૨૩ રહે.લાતી પ્લોટ શેરી નં.૮ મોરબી તથા આરોપી અનિષભાઈ હુશેનભાઈ સુમરા ઉવ.૨૧ રહે. જોન્સનગર શેરી નં ૧૪ મોરબી વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી બન્ને વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાંધણગેસના બાટલામાંથી કરાતું રીફીલીંગ ઝડપાયું

જામનગરના યાદવનગરમાં એક શખ્સ સેફટીના સાધન રાખ્યા વગર જ જોખમી રીતે ગેસના ભરેલા બાટલામાંથી ખાલી બાટલામાં રીફીલીંગ કરતો ઝડપાયો છે. એસઓજીએ સ્થળ પરથી ખાલી-ભરેલા બાટલા, નોઝલ, વજનકાંટો મળી રૂા.૧૯,૫૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.જામનગરના યાદવનગર વિસ્તારમાં એક શખ્સ ગેસના ભરેલા બાટલામાંથી જોખમી રીતે ખાલી બાટલામાં રીફીલીંગ કરતો હોવાની બાતમી પરથી એસઓજીના સ્ટાફે યાદવનગરની શેરી નં.૨માં પાનની એક દુકાન પાસે દરોડો પાડ્યો હતો.આ સ્થળેથી દીપક ધરણાંતભાઈ વસરા નામનો શખ્સ સેફટીના સાધનો રાખ્યા વગર જ ગેસનું રીફીલીંગ કરતો મળી આવ્યો હતો. એસઓજીએ સ્થળ પરથી ગેસનો અડધો ભરેલો એક બાટલો, પાંચ મોટા તથા બે નાના ખાલી બાટલા તેમજ નોઝલ, વજનકાંટો કબજે કરી દીપક વસરા સામે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બીએનએસ ૨૮૭ હેઠળ ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.

# રાજકોટ શહેર બન્યું ગુન્હાખોરીનું આશ્રય સ્થાનઃ તુષિત પાણેરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર ક્રાઈમ કેપિટલ બનતું જાય છે, સરાજાહેર મારામારી, છેડતી, લૂંટફાટ, હત્યા જાણે રાજકોટમા સામાન્ય બની ગઈ છે, તેમ સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરી એ જણાવ્યું હતું

સભ્ય સમાજના લોકો અનિવાર્ય સંજોગો સિવાય રાત્રિના બાર વાગ્યા પછી ઘર ની બહાર નીકળવાનું ટાળતા હોય છે પણ મોડી રાત સુધી ખુલ્લા રહેતા ફાસ્ટ ફૂડ પાર્લરો, ચા ગાંઠિયા ની હોટલો, પાનના ગલ્લાઓ પર અસમાજીક તત્વો અને લુખ્ખાઓ બેખૌફ બની ને પડ્યા પાથર્યા રહે છે, પરિણામે કોઈ સાથે ઘર્ષણ થતા નજીવી બાબત મા મારામારી થાય અને ઘણી વાર હત્યા સુધી પણ મામલો પહોંચી જાય છે. આ સિવાય મોટા બાપ ના નબીરાઓ દારૂ પીને મોંઘીદાટ ગાડીઓ સાથે રાજકોટ ના રસ્તાઓ પર મધરાત્રે બેફામ વાહનો હંકારતા હોય છે.

નાઈટ પેટ્રોલિંગ મા રહેલા પોલીસ કર્મીઓ કેકેવી હોલ , કાલાવડ રોડ ખાતે આવેલી ચા ગાંઠિયા ની હોટલે પોતાની પીસીઆર વાન મા બેસીને રોજ મફત નો ચા નાસ્તો પાન ફાકી ખાઈને નીકળી જતા મે અનેક વાર જોયા છે . . રાજ્ય સરકારે પોલીસ ના હાથ બાંધી દીધા છે , એટલે લુખ્ખાઓ મા પોલીસ નો બિલકુલ ભય રહ્યો નથી !!

ગત બુધવારે તા ૦૬ ના રોજ રાત્રિ ના સમયે રાજકોટ ના ઢેબર રોડ પર આવેલી ઈંડા ની લારી પાસે થયેલી સામાન્ય બોલાચાલી મા કુખ્યાત અપરાધી ભરત દાન ગઢવી (ઉવ.૩૫) દ્વારા ૩૫ વર્ષીય સંજય માલડીયા નામના કેટરર્સ સંચાલક ની છરી ના ત્રણ જેટલા ઘા ઝીંકી ને હત્યા કરી નાખવામાં આવી. આ ભરત દાન ગઢવી અગાઉ બાવીસ જેટલા ગુન્હા મા પોલીસ ચોપડે ચડી ચૂકેલો રીઢો ગુન્હેગાર છે.

તેમણે જણાવ્યું હતું કે આ બધા દૂષણો નું મૂળ રાત્રિ ના સમયે ખુલ્લા રહેતા અને ગુંદા બદમાશો ના આશ્રય સ્થાન બની ચૂકેલા પાન ના ગલ્લાઓ , ચા ની હોટલો , ફાસ્ટ ફૂડ પાર્લરો છે ત્યારે લોકહિત અને કાયદા વ્યવસ્થા ની કથળી ગયેલી સ્થિતી જોતા આપ રાત્રિના બાર વાગ્યા પછી તમામ દુકાનો , ધંધા બંધ કરાવવાનો આદેશ કરો જેથી રાજકોટ શહેર મા ગુન્હાખોરી પર અંકુશ આવે અને નિર્દોષ લોકો લુખ્ખાઓ ન આતંક નો ભોગ ન બને. આ બાબતે યોગ્ય કરશો તેવી વિનંતી તુષિત પાણેરી એ કરી હતી તેઓએ વાત પણ જણાવી હતી કે રાત્રે ૧૨૦૦ વાગ્યા બાદ ખાણીપીણીના લારી ગલ્લા બંધ કરવામાં આવશે જે વાત આવકારદાયક છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું રાજકોટ એરપોર્ટ ખાતે સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ મોરબી ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા.

આ તકે શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, કલેક્ટર ઓમ પ્રકાશ, સંયુક્ત પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા,જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ વગેરેએ મુખ્યમંત્રીને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા



# મોરબી તાલુકાના ચાર મોબાઈલ ટાવર પરથી ૧૧૪ બેટરી સેલની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકામાં ઈન્ડેઝ ટાવર્સ પ્રા.લી.ના ચાર અલગ અલગ ટાવર પરથી અજાણ્યા ચોરો દ્વારા કુલ ૧૧૪ બેટરી સેલની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. ચારેય ટાવર પરથી કુલ અંદાજે રૂ.૫૭,૦૦૦/-ના બેટરી સેલ ચોરી થયા હોવાની ફરિયાદ ઈન્ડેઝ કંપનીના સિક્યુરિટી સુપરવાઈઝર દ્વારા તાલુકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

મોરબી તાલુકામાં મોબાઈલ નેટવર્ક માટે લગાવવામાં આવતા ચાર જુદા જુદા ઈન્ડેઝ કંપનીના ટાવરમાંથી કુલ ૧૧૪ બેટરી સેલની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. જે બાબતે ફરિયાદી રવિરાજસિંહ ઓમકારસિંહ જાડેજા ઉવ.૩૨ રહે. ગાયત્રીનગર વાવડી રોડ મોરબી વાળા જે ઈન્ડેઝ ટાવર્સ પ્રા.લી.માં આર.એસ. સિક્યુરિટી અમદાવાદ મારફતે સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે, તેમણે આ અંગે મોરબી તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

જે મુજબ, ફરિયાદી રવિરાજસિંહ ટાવર પર પેટ્રોલિંગ અને તકનીકી તપાસ કરતા રહે છે. ત્યારે ગત તા. ૦૧/૧૧/૨૦૨૫ની રાત્રીના કન્ટ્રોલ રૂમમાંથી જાણ મળતાં મકનસર પાંજરાપોળ નજીક આવેલા ટાવર આઈડી ૧૩૩૬૩૮૦ની તપાસ કરતા ૧૪ બેટરી સેલ કિ.રૂ.૭,૦૦૦/-ગુમ હોવાનું જણાયું હતું. અગાઉ પણ ત્રણ અલકગ અલગ સ્થળે ટાવરમાંથી બેટરી સેલની ચોરી થઈ હતી, જેમાં તા. ૦૭/૦૭/૨૦૨૫ના રોજ રફાળેશ્વર-લીલાપર રોડ પાસેના ટાવર આઈડી ૧૦૧૮૨૫૫માંથી ૧૩ બેટરી સેલ કિ.રૂ.૬,૫૦૦/-ની ચોરી થઈ હતી જ્યારે તા. ૦૮/૦૭/૨૦૨૫ના રોજ, દાદાશ્રીનગર પાસે હાઈવે ઉપર આવેલા ટાવર નંબર ૧૦૪૦૪૭૬માંથી ૩૯ બેટરી સેલ કિ.રૂ.૧૯,૫૦૦ની ચોરી થઈ હતી. આ ઉપરાંત તા. ૨૧/૦૪/૨૦૨૫ના રોજ ઘુંટુ ગામની ગૌશાળા નજીકના ટાવર આઈડી ૧૩૨૧૦૯૩માંથી ૪૮ બેટરી સેલ કિ.રૂ.૨૪,૦૦૦/-ની ચોરી થઈ હતી, આ રીતે ચારેય ટાવરમાંથી કુલ ૧૧૪ બેટરી સેલ, અંદાજે રૂ.૫૭,૦૦૦/-ના માલસામાનની ચોરી થઈ હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. હાલ તાલુકા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# અમેરિકાના સિએટલમાં સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં 'વૉલ ઑફ યુનિટી'નું અનાવરણ

## પરદેશમાં ભારતની વિવિધતામાં એકતાને ઉજાગર કરશે વૉલ ઑફ યુનિટીઃ યુએસના પૅસિફિક નોર્થવેસ્ટના પ્રવાસીઓ ગુજરાતના કેવડિયાની મુલાકાત લેવા પ્રેરાશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

૩૧ ઑક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમેરિકાના સિએટલમાં ભારતીય વાણિજ્ય-દૂતાવાસ (કોન્સ્યુલેટ)ના નવા ચાન્સરી પરિસરમાં સરદાર વલ્લભભાઈ પટેલના વારસાના સન્માનમાં ''વૉલ ઑફ યુનિટી''નું અનાવરણ કરવામાં આવ્યું હતું. વૉલ ઑફ યુનિટી એટલે કે એકતાના પ્રતીક તરીકેની દિવાલ ગુજરાતના કેવડિયામાં નર્મદા ખીણની પૃષ્ઠભૂમિ સામે સ્થાપિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા- સ્ટેચ્યુ ઑફ યુનિટીનું મનોહર ચિત્ર રજૂ કરે છે. સ્ટેચ્યુ ઑફ યુનિટીનું લોકાર્પણ ૩૧ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે, સિએટલમાં સ્થાપિત ''વૉલ ઑફ યુનિટી'' ભારતની વિવિધતામાં એકતાની શક્તિને ઉજાગર કરશે, સાથે જ અમેરિકાના પૅસિફિક નોર્થવેસ્ટ ક્ષેત્રના પ્રવાસીઓમાં તેનું આકર્ષણ વધવાને કારણે ગુજરાતના કેવડિયામાં પ્રવાસનને વેગ મળશે.

૩૦૧૪ ફૂટનું આ ઈન્સ્ટોલેશન કોન્સ્યુલેટના મુખ્ય મુલાકાતી વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવ્યું છે. તે ભારતના તમામ ૨૮ રાજ્યોમાંથી ''વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ ()'' વસ્તુઓ પ્રદર્શિત કરતા એક્ઝિબિશનની બાજુમાં આવેલું છે, જે મુલાકાતીઓને દેશના પર્યટન અને સાંસ્કૃતિક વિવિધતાનો જીવંત અનુભવ કરાવે છે.

કોન્સ્યુલેટનો મલ્ટીપર્પઝ હૉલ (વિવિધ હેતુઓ માટેનો ખંડ) તાજેતરમાં જ ખુલ્લો મુકાયો છે. તેમાં દર મહિને લગભગ ૨૦૦ મુલાકાતીઓ આવે છે, જેમાં સ્થાનિક મહાનુભાવો, સમુદાય સંગઠનો, વ્યાપારી નેતાઓ, કોન્સ્યુલર અરજદારો અને ભારતીય અમેરિકન સમુદાયના સભ્યોનો સમાવેશ થાય છે. આજે અનાવરણ સમારોહમાં ''વૉલ ઑફ યુનિટી'' ઈન્સ્ટોલેશન જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કોન્સ્યુલ જનરલે અનાવરણ સમારોહમાં હાજરી આપનારા તમામ અધિકારીઓને ''રાષ્ટ્રીય એકતા દિવસની પ્રતિજ્ઞા'' પણ લેવડાવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભચાઉ પાસે હોટલના પાર્કિંગમાં રૂ.૧.૮૫ કરોડનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીની ટીમે રેડ કરીઃ ટ્રક ચાલકને દબોચી લઇ ૨.૧૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાધનપુર હાઇવે પરથી કચ્છમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ધુસાડવામાં આવતો હોવાની બાતમીના આધારે એસએમસીની ટીમે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ભચાઉ પાસે આવેલ બજરંગ આઇ માતા હોટલના પાર્કિંગમાંથી રૂ.૧.૮૫ કરોડનો દારૂ ભરેલા ટ્રક સાથે બે શખ્સોને દબોચી લઇ ટ્રક સહિત રૂ.૨.૧૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એસએમસીના પીએસઆઇ એસ.વી.ગરચર સહિતનો સ્ટાફ રાધનપુર-કચ્છ હાઇવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે ભચાઉ પાસે હાઇવે પર આવેલ બજરંગ આઇ માતા હોટલના પાર્કિંગમાં પાર્ક કરેલ ટ્રક સાથે ડ્રાયવર ઓખરાજ ડુંગરારામ ભાટ્ટી (રહે. ભાટલા ખરવા, જી. બાલોતરા રાજસ્થાન) નામનો ડ્રાયવર અને અશોક અગારામ મેઘવાલ નામના કલીનરને દબોચી લઇ ટ્રકની તલાસી લેતા એમાંથી ૧૭૫૫૪ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.૧.૮૫ કરોડનો જથ્થો મળી આવતા પોલીસે ટ્રક સહિત કુલ રૂ.૨.૧૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલા ડ્રાયવર, કલીનરની આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો રાજસ્થાનના ફતેહપુરનો અનીલ જગદીયાપ્રસાદ પંડયા, પાટીયાલા પંજાબનો શખ્સ ટેન્કર નંબર આરજે૦૯જીએ૯૦૩૭નો માલીક અને મુદ્રા કચ્છ ખાતે દારૂ મંગાવનાર બુટલેગર સહિત ચાર શખ્સોની પોલીસે શોધખોળ શરૂ કરી છે.

# રિક્ષામાં સોડાના કેનની આડમાં છુપાવેલ ૩૬૦ બોટલ દારૂ સાથે ચાલક ઝડપાયો








## ૮૦ ફૂટ રોડ પર આજી નદીના કાંઠે ૨૧૫ લીટર દેશી દારૂ રિક્ષામાં ભરી ડીલવરી આપવા જતો બુટલેગર પકડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે વાવડી ગામ પાસે ગુન્હા નિવારણ શાખાની ટીમે રિક્ષામાં સોડાના કેનની આડમાં છુપાવેલો વિદેશી દારૂના જથ્થા સાથે આંબેડકરનગરના શખ્સની ધરપકડ કરી રૂ.૧.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગુન્હા નિવારણ શાખાના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાની સુચનાથી હેડ કોન્સ. કરણભાઇ મારૂ, રાહુલગીરી ગોસ્વામી સહિતનો સ્ટાફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર વાવડી ગામ તરફ જવાના રસ્તે પેટ્રોલિંગમાં હતા ત્યારે ઓટો રિક્ષા નંબર જીજે૦૩બીએકસ૯૪૦૫માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે રિક્ષાનો પીછો કરી નિલકંઠ હોટલ પાસે અટકાવી તલાસી લેતા સ્ટીલના સોડાના કેનની આડમાં ૩૬૦ બોટલ ચપલા દારૂના મળી આવતા પોલીસે રિક્ષા સહિત રૂ.૧.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલક વિશાલ વિરજી પરમાર (રહે. આંબેડકરનગર શેરી નં.૧૧, એસટી વર્કશોપ પાછળ)ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે અન્ય એક બનાવમાં ગુન્હા નિવારણ શાખાની ટીમના હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા, કોન્સ. વાલજીભાઇ જાડા સહિતનો સ્ટાફ ૮૦ ફૂટ રોડ પર ઇટવીટી હ્યુન્ડાઇ શો રૂમ સામે સત્યમ પાર્ક પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે રિક્ષા નં.જીજે૦૩એડબ્લયુ૯૪૬૬માં ધ્રુવ ઉર્ફે લાલુ રાધેશ્યમ નિમાવત (રહે. ચારમાળીયા આવાસ કવોર્ટર, કાલાવાડ રોડ, સૈયાજી હોટલની સામે) નીકળતા પોલીસે તેને અટકાવી રિક્ષાની તલાસી લેતા ૨૧૫ લીટર દેશી દારૂ કિંમત રૂ.૪૩ હજારનો જથ્થો મળી આવતા પોલીસે રિક્ષા સહિત ૧.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરને ધરપકડ કરી હતી.

# કોઠારીયા બિલેશ્વર મહાદેવના મંદિરમાં પૂજા-અર્ચના દરમિયાન પૂજારીને આવ્યો હાર્ટએટેક

## પરસાણાનગર, ઘંટેશ્વરમાં બે યુવકો ઘરે બેભાન થઈ જતા મોતઃ હાર્ટએટેક આવ્યાનું અનુમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બદલાતી ઋતુ સાથે હાર્ટ એટેકના કિસ્સામાં પણ વધારો જોવા મળ્યો છે. કોઠારીયા બિલેશ્વર મહાદેવના મંદિરમાં પૂજા-અર્ચના દરમિયાન જ ૪૦ વર્ષીય પૂજારીને આવેલો હાર્ટ એટેક જીવલેણ સાબિત થયો હતો. જ્યારે એવી જ રીતે પરસાણાનગર અને ઘંટેશ્વરમાં બે યુવકો ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં તબીબે મૃત જાહેર કર્યા હતા. બંનેનું મોત હાર્ટ એટેકથી થયું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ હતું.

આ અંગેની વિગતો મુજબ, કોઠારીયામાં માધવ પાર્કમાં રહેતાં અને ત્યાં જ ઘર નજીક આવેલા બિલેશ્વર મહાદેવ મંદિરમાં સેવા પૂજા કરતાં રસિકગીરી નારદગીરી ગોસાઈ (ઉં.વ.૪૦) નામના પૂજારી સવારે મંદિરમાં મહાદેવને લૌટી ચડાવી પૂજા-અર્ચના કરતા હોય ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડયા હતા. જો કે મંદિરમાં હાજર કેટલાક લોકો દ્વારા રસિકગીરીને ૧૦૮ માં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં ઈમરજન્સી વિભાગના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. મૃતક રસિકગિરી મૂળ ગોંડલના વાસાવડના અને છેલ્લા ૧૦ વર્ષથી રાજકોટ રહેવા માટે આવ્યા હતા.તેઓ એક બહેન અને ત્રણ



ભાઈમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

બીજા બનાવમાં, પરસાણાનગર જ્યોતિ પાર્ક-૨માં રહેતાં કૃણાલભાઈ વલ્લભભાઈ વાઘેલા (ઉ.વ.૩૬) નામનો યુવક રાત્રિના ૨ વાગ્યા આસપાસ પોતાના ઘરે બેભાન થઈજાય પરિવારે તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો જ્યાં તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. મૃતક કૃણાલ સફાઈનો કોન્ટ્રાક્ટ રાખવાનું કામ કરતો અને ભાઈ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરી છે જ્યારે અન્ય એક બનાવમાં ઘંટેશ્વર એસઆરપી કેમ્પ પાસે વર્ધમાન એપાર્ટમેન્ટમાં રહેતો ભાવેશ ભીખાભાઈ ગરચર (ઉ.વ.૩૮) આભાઈ નામનો યુવક ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં, પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. ભાવેશ બે બહેન અને ત્રણ ભાઈમાં નાના હતાં અને ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં બે દિકરી છે. બંને યુવકનો હાર્ટ એટેક આવ્યો હોવાની સંભાવના પરિવાર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# રામનગર સોસાયટીમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી યુવાને ફિનાઇલ ગટગટાવ્યું

## થોરાળા પોલીસે ત્રણ વ્યાજખોરો સામે ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ શરૂ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે નવા થોરાળા વિસ્તારમાં આવેલ રામનગર સોસાયટીમાં રહેતા વિપ્ર યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઇ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે. બનાવના પગલે થોરાળા પોલીસે ત્રણ વ્યાજખોરો સામે ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ નવા થોરાળા વિસ્તારમાં આવેલ રામનગર સોસાયટીમાં રહેતો ઇન્દ્રજીત ઉર્ફે ઇંન્દુ મહેન્દ્રભાઇ ટીટીયા (ઉ.વ.૩૭) નામના યુવાને ગઇકાલે સાંજના સમયે જેકી ઠક્કર, સંજય વ્યાસ, હાર્દિક છગન મોલીયા નામના ત્રણ વ્યાજખોરો પાસેથી અગાઉ કટકે કટકે રૂ.૨ લાખ અને ૩ લાખ ૧૦ ટકાના ઉંચા વ્યાજે લીધા હતા. ત્રણ લાખ રૂપિયા આપી દીધા હોય છતાં મુળ રકમ અને વ્યાજના બાકી નાણા ગણી રૂ.૩.૪૦ લાખની માંગણી કરી અવારને અવાર પઠાણી ઉઘરાણી કરી ઘરે આવી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય જેથી કંટાળી જઇ યુવાને વ્યાજખોરોના ત્રાસથી ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવના પગલે થોરાળા પોલીસના હેડ કોન્સ. એચ.બી.છૈયાએ વ્યાજખોર જેકી ઠક્કર, સંજય વ્યાસ, હાર્દિક છગન મોલીયા સહિત ત્રણ શખ્સો સામે ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# યોગેશ્વર પાર્કમાં પરિણીતાને આપઘાત કરવા મજબૂર કરનાર પતિ,સાસુ,સસરા અને દિયર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં યુનિવર્સિટી રોડ પર યોગેશ્વર પાર્કમાં રહેતી નવાઢાએ તેના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરવાના બનાવમાં મૃતકના ભાઈએ કરીયાવરની માંગ કરતા પતિ સહીતના સાસરીયાઓના ત્રાસથી કંટાળી તેની બહેને જીવન ટુંકાવી લીધાની ફરીયાદ કરતા પોલીસે મરવા મજબૂર કરનાર પતિ સહીતના સાસરીયાઓ સામે ગુનો નોધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગીર સોમનાથના પડાપાદર ગામે રહેતા અને ખેતીકામ કરતા રણજીતસિંહ નાનુભા ગોહીલએ ફરીયાદ કરી હતી. જેમા આરોપીઓ તરીકે યોગેશ્વર પાર્કમાં રહેતો દિલીપ કાળુભાઈ સોલંકી,અંજુબેન કાળુભાઈ સોલંકી,કાળુભાઈ સોલંકી અને ધર્મેશ કાળુભાઈ સોલંકીના નામો આપ્યા હતા. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના મોટા બહેન કૈલાશબેનના આઠ માસ પુર્વે દિલીપ સોલંકી સાથે લગ્ન થયા હતા. લગ્નના છ માસ બાદ સાસુ, સસરા અને દિયર કામ બાબતે ઝઘડાઓ કરતા અને તુ ગોધરા જેવી આદીવાસી છો. તેમજ તારા બાપે કહી આપ્યુ નથી આ ઘરનુ ફર્નીચર કામ તારા બાપને કહેજે કરાવી આપે તેમજ પતિ કહેતા કે તુ અહીથી તારા બિસ્તરા પોટલા બાંધી ચાલી જા તુ મને જોઈતી નથી કહી મારકુટ કરતા હોય જેથી કંટાળી જઈ તેને આ પગલુ ભરી લીધાનુ જણાવતા જમાદાર ઝાલા સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

## રિધ્ધિ સોસાયટીના વૃધ્ધનો બીમારીથી કંટાળી ફાંસો ખાઈ આપઘાત

શહેરની ભાગોળે આવેલા સણોસરા ગામે રહેતા પરિવારની આઠ વર્ષની માસુમ બાળકી રમતા રમતા અકસ્માતે ગબડી પડી હતી. ગંભીર રીતે ઘવાયેલી બાળકીનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના સણોસરા ગામે રહેતા પરિવારની ફલકબેન મુસ્તુફાભાઈ સેરસીયા નામની આઠ વર્ષની બાળકી પોતાના ઘરે રમતી હતી ત્યારે અકસ્માતે ગબડી પડી હતી. બાળકીનું ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં બાળકીનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ ઉપરાંત બીજા બનાવમાં કુવાડવા રોડ પર આવેલ રિધ્ધી સોસાયટીમાં રહેતાં છગનભાઈ રવજીભાઈ રામાણી નામના ૮૨ વર્ષના વૃધ્ધે બિમારીથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વૃધ્ધના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. મૃતક વૃધ્ધને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરમાં લુખ્ખાગીરી અને અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા મો.૬૩૫૯૬ ૨૯૮૯૬ પર પોલીસને જાણ કરવા અપીલ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં લુખ્ખાગીરી, અસામાજિક તત્વોએ માથું ઉંચકતા અને સરેઆમ થયેલા ધાણીફૂટ ફાયરિંગ બાદ ફરી વધુ એક વખત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શહેરમાં તમારી આસપાસ, રહેણાંકો, વ્યવસાય સ્થળ નજીક કે આવા કોઈપણ સ્થળોએ લુખ્ખાઓ, અસામાજિક તત્વો હોય કે આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોય તો ક્રાઈમ બ્રાન્ચના વોટ્સએપ મોબાઈલ નં.૬૩૫૯૬ ૨૯૮૯૬ ઉપર કોલ કરવા માટે અપીલ કરાઈ છે

અગાઉ પણ આ નંબર દારૂ, જુગાર કે કોઈપણ અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોય તો ક્રાઈમ બાન્ચને માહિતગાર કરવા જાહેર કરાયો હતો. તાજેતરમાં ઉપરાછાપરી બની રહેલી ગુનાખોરીની ઘટનાથી ફરી વખત નંબર જાહેર કરાયો છે. આ નંબર પર ગુનાઈત પ્રવૃત્તિ, અસામાજિક તત્વો, લુખ્ખાઓના નામ, સરનામા તેમજ અન્ય માહિતી મોકલી શકાશે. માહિતી મોકલનારનું નામ સુરક્ષિત રાખવામાં આવશે અને યોગ્ય ઈનામ પણ આપવામાં આવશેનો વાયદો કરાયો છે.

# સાધુવાસવાણી રોડ પર વાહનની ઠોકરે એકટીવા ચાલક પ્રૌઢનું મોત

## મૃતક કામ પરથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાધુવાસવાણી રોડ પર હિટ એન્ડ રન ઘટના સામે આવી હતી. ૫૦ વર્ષીય એકટીવા ચાલક કામ પરથી ઘરે પરત ફરી રહ્યા હોય ત્યારે આધેડને કોઈ અજાણ્યા વાહને ઠોકરે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. રાહદારીઓ દ્વારા તેઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા પણ સારવાર દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી. આ અંગેની મળતી માહિતી મુજબ, મવડીમાં રાજદીપ સોસાયટીમાં રહેતાં અને ફર્નિચરનું કામ કરતાં રાજેશભાઈ નરસીભાઈ બોરીચા(ઉ.વ.૫૦)ના આધેડ રવિવારે સાંજના પોતાનું કામ પૂરું કરીને એકટીવા લઈને ઘર તરફ આવી રહ્યા હતાં ત્યારે સાધુ વાસવાણી રોડ પર પહોંચતા અજાણ્યા વાહન ચાલકે તેઓને ઠોકરે લેતા રાજેશભાઈ રોડ પર પટકાયા હતા. આ ઘટનામાં તેઓને ગંભીર ઈજા પહોંચતા રાહદારીઓ દ્વારા ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં ઈમરજન્સી વિભાગમાં સારવારમાં રાજેશભાઈએએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક રાજેશભાઈ બે બહેન અને ત્રણ ભાઈમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. ફર્નિચર કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. કામ પૂરું કરી ઘરે જતા હતા ત્યારે અકસ્માત નડયો હતો. બનાવ અંગે પોલીસે સીસીટીવી ફુટેજમાં આધારે તપાસ હાથ ધરી આધેડને અડફેટ લેનાર વાહનની ઓળખ હાથ ધરી છે.

# શહેરમાં ગુનાખોરી વધતા પોલીસ રસ્તા પર ઉતરીઃ ૩ દી'માં ૫૦ શખ્સો હથિયારો સાથે ઝડપાયા

## પાનના ગલ્લે અને ચાની હોટલો પાસે અડ્ડો જમાવીને બેસતા લુખ્ખાઓ સામે પોલીસની લાલ આંખ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા દિવાળીનાં તહેવારોથી જ ક્રાઈમ રેટ વધ્યો હતો. જેમા ૬-૬ હત્યાની ઘટના અને ત્યારબાદ મંગળા રોડ પર બે ગેંગ વચ્ચે સામસામી ફાયરીંગની ઘટના સામે આવતા લોકોમા ભયનો માહોલ ફેલાયો હતો. ત્યારબાદ પોલીસ કમિશનર બ્રજેશ ઝા ની સુચનાથી રાજકોટ શહેર પોલીસ એકશનમા આવી હતી અને રાજકોટમા ઠેર ઠેર રાત્રે અને વહેલી સવાર સુધી ચાલતી હોટલો રાત્રે ૧૨ વાગ્યે બંધ કરવા આદેશ આપવામા આવ્યો હતો અને શહેરનાં નાકે અને મુખ્ય માર્ગો પર બાઈક ટેકવીને બેઠેલા લુખ્ખા તત્વોને કાયદાનાં પાઠ ભણાવવા

અને તેમની સામે કડક કાર્યવાહી કરવા જણાવાયુ હતુ. ત્યારબાદ રાજકોટ ક્રાઈમ બ્રાંચ અને શહેરભરની પોલીસ દ્વારા ટીમો બનાવી સંવેદનશીલ વિસ્તારો અને ચા ની દુકાન અને પાનનાં ગલે પડયા પાર્થેયા રહેતા લુખ્ખા તત્વોને પાઠ ભણાવવા પોલીસ ધોકા લઈ રસ્તા પર ઉતરી ગઈ હતી અને રાત્રે ૧૨ વાગ્યા પછી પણ ખુલ્લી રહેતી ચા ની દુકાનો, હોટલ અને પાનનાં ગલાઓ તેમજ નોનવેજની લારીઓ બંધ કરાવાઈ હતી. તેમજ શહેરનાં અમુક વિસ્તારોમા મોડી રાત સુધી પોલીસની ટીમો દ્વારા વાહન ચેકીંગ હાથ ધરાયુ હતુ અને કાળા ફીલ્મ વાળી કારમાર્થી કાળી ફિલ્મ દુર કરવામા આવી હતી. ત્યારબાદ ઈંડા

અને નોનવેજની લારીઓ પર તેમજ મુખ્ય માર્ગો પર બ્રેથએનેલાઇઝર વડે શંકાસ્પદ શખ્સોને ચેક કરવામા આવ્યા હતા તેમજ પોલીસમાથી મળતી માહીતી મુજબ છેલ્લા ૩ દિવસથી રસ્તા પર વાહન ચેકીંગ કરતી અને કોમ્બીંગ કરતી પોલીસની ટીમો દ્વારા ૩ દીવસ દરમ્યાન કુલ ૫૦ જેટલા શખ્સોને છરી તેમજ હથીયારો સાથે ઝડપી કાર્યવાહી કરી હતી અને ૩૦ થી વધુ લોકો પીધેલી હાલતમા પોલીસની ઝપટે ચડયા હતા. હજુ પણ આવનારા દીવસોમા પોલીસ દ્વ દ્વારા મુખ્ય માર્ગો પર અને વિસ્તારોમા જઈ મોડી રાત સુધી પડયા પાર્થયા રહેતા આ લુખ્ખા તત્વોને કાયદાનાં પાઠ ભણાવશે તેવુ સુત્રોમાથી જાણવા મળી રહ્યુ છે.

## જનાના હોસ્પિટલમાં પુત્રને જન્મ આપ્યા બાદ મહિલાની તબીયત લથડતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર ગોકુળધામ આરએમસી કવોર્ટરમાં રહેતી સગર્ભાને જનાના હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ તેણીએ પુત્રને જન્મ આપ્યા બાદ તબીયત લથડતા મહિલાનું સારવાર દરમ્યાન મોત થયું હતું. આ અંગેની માહિતી મુજબ ગોંડલ રોડ પર આવેલ ગોકુળધામ આરએમસી કવોર્ટરમાં રહેતી પ્રીતીબેન જયરામભાઇ ધુરુહુ (ઉ.વ.૧૯) નામની મહિલા સગર્ભા હોય તેણીને સારવારમાં જનાના હોસ્પિટલમાં સવારે દાખલ કરવામાં આવી હતી. સારવાર દરમ્યાન મહિલાની તબીબોએ ડિલવરી કરતા તેણીએ પુત્રને જન્મ આપ્યો હતો. ત્યારબાદ મહિલાની તબિયત લથડતા તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હોવાની તબીબોએ જાહેર કરતા બનાવ અંગેની જાણ એ-ડિવિઝન પોલીસમાં કરવામાં આવતા હેડ કોન્સ. નરેશભાઇ શિયાળ સહિતના સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જઇ પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

## રાજકોટના જારીયા ગામથી દવા લેવા નિકળેલી પરણીતા લાપત્તા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના જારીયા ગામે રહેતી ઉષાબેન મહેશભાઇ ચાવડા નામની પરણીતા ગઇ તા.૨૬-૧૦ના સવારના ૮ વાગ્યે પોતે ઘરેથી રાજકોટ દવા લેવા જવાનું કહી નિકળ્યા બાદ પરત નહીં આવતા મહિલાના પતિ મહેશભાઇ મંગાભાઇ ચાવડાએ પરણીતા ગુમ થયાની જાણ કુવાડવા રોડ પોલીસ મથકે કરતા હેડ કોન્સ. એસ.એમ.કગથરા, નારણભાઇ સહિતના સ્ટાફે ગુમ થયાની નોંધ કરી પરણીતાની શોધખોળ શરૂ કરી છે.

# મંગલા રોડ પર ફાયરિંગ કરનાર મુરઘા ગેંગના હથિયાર સાચવનાર પકડાયો

## નામ ખુલતા જ ફરાર થઇ ગયેલા સમીર ઉર્ફે મુરઘાએ હથિયાર સાચવવા આપ્યાનું રટણઃ એસઓજીએ બે સામે નોંધ્યો ગુનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મંગળા રોડ પર ૨૯ ઑક્ટોબરે સવારે ૩૩૦ વાગ્યે બે ગેંગ વચ્ચે સામસામું ફાયરિંગ થયાનો ચોંકાવનારો બનાવ બન્યા બાદ બન્ને ગેંગના લોકો એક બાદ એક પકડાઈ રહ્યા છે એસઓજીએ સાથે દબોચી લીધો હતો. પકડાયેલા શખસને મુરઘા ગેંગના સૂત્રધારે હથિયાર સાચવવા આપ્યું હોવાનું સામે આવ્યું હતું.

એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા સહિતની ટીમે બાતમીના આધારે અતિથિ ચોક નજીક અર્જુન એપાર્ટમેન્ટના ગેઈટ પાસેથી મુજક્કીર ઉર્ફે મુઝુડો બ્લોચની અટકાયત કરી તલાશી લેતા તેની પેન્ટના નેફામાંથી દેશી બનાવટની પીસ્તલ તેમજ જીવતા કાર્ટી સ મળી આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. મુઝુડાની આગવી ઢબે પૂછપરછ કરવામાં આવતાં તેણે કબૂલાત આપી હતી કે આ પીસ્તલ અને કાર્ટિસ તેને બે મહિના પહેલાં સમીર ઉર્ફે મુરઘો યાસીનભાઈ પઠાણ (રહે.સોરઠિયાવાડી) સાચવવા માટે આપી ગયો હતો. ઉલ્લેખનીય છે કે મંગળા રોડ પર ફાયરિંગનો જે બનાવ બન્યો તેમાં પેંડા ગેંગ સામે મુરઘા ગેંગના સમીર ઉર્ફે મુરઘાએ પણ ફાયરિંગ કર્યું હતું. જો કે નામ ખુલતાં જ તે ફરાર થઈ જતાં તેની શોધખોળ ચાલી રહી છે. આ ગુનામાં સમીર ઉર્ફે સંજલો, સમીર ઉર્ફે મુરઘો સહિતના શખસો હજુ ફરાર હોય તેને પકડવા માટે અલગ-અલગ ટીમ 'કસરત' કરી રહી છે.

# મનહરપ્લોટમાં વર્નાકારમાં ૭૮ હજારના વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

## દારૂ અને કાર મળી ૩.૭૮ લાખનો મુદ્દમાલ કબજે કરતી પીસીબી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મનહર પ્લોટ શેરી નં.૧૫ માંથી પી.સી.બીની ટીમે ૬૦ બોટલ વિદેશી દારૂ ભરેલી હુન્ડાઈ વર્ના સાથે એક શખ્સની ધરપકડ કરી રૂ.૩.૭૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યરત પીસીબીની ટીમને શહેર વિસ્તારમાં દારૂની ગેર કાયદેસર પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે પી.સી.બી.ના ઇન્ચાર્જ પી.આઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.નો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન એ.એસ.આઇ. ઘનશ્યામસિંહ ચૌહાણ, મહીપાલસિંહ ઝાલા અને હરદેવસિંહ રાણાને મળેલ સયુંક્ત હકીકત આધારે મનહરપ્લોટ શેરી નં.૧૫ માં રોડ ઉપરથી હુન્ડાઈ વર્ના કાર નંબર જીજે-૧૦-એપી-૫૧૭૮ને અટકાવી હતી જે રૂ. ૭૮ હજારની કીમતની ૬૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હોય આ દારના જથ્થા સાથે મીલપરા મેઈન રોડ શ્રીજી ઈલેક્ટ્રોનીકસ ની સામે ગીતા એપાર્ટમેન્ટ બ્લોક નં.એ/૧૭ માં રહેતા ગૌતમભાઈ રાજેશભાઈ કાથરાણી (ઉ.વ.૨૩)ની ધરપકડ કરી હતી. .સી.બી.ના ઇન્ચાર્જ પી.આઈ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.આઈ એમ.જે.હુણ, પીએસઆઈ પી.બી.ત્રાજીયા, એ.એસ.આઈ. સંતોષભાઈ મોરી, મયુરભાઈ પાલરીયા, રાજુભાઈ દહેકવાલ, હરદેવસિંહ રાઠોડ, કિરતસિંહ ઝાલા, કરણભાઈ મારૂ વિરેન્દ્રસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, ઈન્દ્રજીતસિંહ સીસોદીયા, પો.કોન્સ.યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર, ડ્રા.પો.હેડ.કોન્સ. જયેશભાઈ ગઢવીએ કામગીરી કરી હતી.